Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ વૈશાક. આત્મ સં. ૩૪. અંક ૧૦ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | સુબોધક રસઝરણ. | ૨૪૯ |
| ૨ | શ્રી તીર્થંકર ચરિત્ર. | ૨૫૦ |
| ૩ | પાટણના જૈન જ્ઞાનભંડારો. | ૨૫૩ |
| ૪ | ધર્મ. | ૨૬૪ |
| ૫ | આત્મવિશ્વાસ. | ૨૬૬ |
| ૬ | વર્તમાન સમાચાર. | ૨૭૦ |
| ૭ | પ્રકીર્ણ | ૨૭૨ |
| ૮ | સ્વીકાર—સમાલોચના. | ૨૭૩ |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી આત્માનંદ પ્રકાશના કદરદાન ગ્રાહકોને નમ્ર સુચના.

આત્માનંદ પ્રકાશ પુસ્તક ( ૨૭–૨૮ મા ) આ વર્ષની ભેટ તરીકે જૈન ઐતિહાસિક ગ્રંથ " સુકૃત સાગર યાને માંડવગઢનો મહાન મંત્રીશ્વર " અનેક જાણવા જેવી હકીકતો સાથેનું પુસ્તક તૈયાર થાય છે. તેની હકીકત આવતા અંકમાં સંક્ષિપ્તમાં આપવામાં આવશે. વી૦ પી૦ નો ખર્ચ નહિ કરનાર બંધુએ હાલમાં ૨૭–૨૮ માં વર્ષની લવાજમના નાણા મોકલી આપવા, નહિંતો ગ્રંથ તૈયાર થયે ધારા પ્રમાણે (વી૦ પી૦) થી ભેટની બુક મોકલવામાં આવશે.

જે ગ્રાહકોએ ભેટની બુકનું વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને હાલમાં તાત્કાલીક લખી જણાવવું જેથી સભાને નકામો ખર્ચ ન થાય અને તકલીફ ન પડે.

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

સંપાદકો તથા સંશોધકો–આચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી શિષ્યરત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રકટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. અનેક પૂજાઓમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાક્ષી અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈનધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપૈયા રાખેલ છે. ઉંચા કોક્ષલી લાયન બ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો [ અક્ષરો ] માં છપાવેલ છે. ઇતિહાસિક પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, મનુષ્યજન્મનું સાર્થક કરવાની ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે.

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષ સન્મુખ લઇ જાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન–પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો જોઇએ. સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી ભાષામાં છપાવી કપડાના બાઇર્ડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति,
स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति,
न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न
शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो
भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४६६ वैशाख आत्म सं३४. { अंक १० मो.

## સુબોધક રસ ઝરણુ.

સૂર ગણુ સહુ ચાહે સદા, રિઝર્વ માનવ દેહ;
વર્ણવે સાધન સિદ્ધનું, રસભર સૂરિવર એહ. ૧
વિર ધર્મ આ વિશ્વમાં, જન સહુ ચાહે જેમ;
યત્ન અહર્નિશ એહમાં, વિજયિ વિજય શુભ નેમ. ૨
વક્રોક્તિ નહી વચનમાં, લક્ષ જિનાજ્ઞા જાસ;
ભળતુ ભેળવવુ નહીં, એ વલ્લભ અભિલાષ. ૩
મન વચ કાય ત્રિયોગથી, હાસ્યાદિકથી દૂર;
રાગ દ્વેષ બંધન ગણે, જય મહારાજ હજુર ૪
નેહ ન પુદ્ગલ ભાવમાં, વંચ્છે શિવ સહકાર;
દર્શક નયનાનંદને, વન્દન વાર હજાર. ૫

( વેલચંદ ધનજી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ઠ ૨૩૦ થી શરૂ )

પછી શ્રમણ ભગવાન્ મહાવીરે હે જમાલી, એમ આમંત્રણપૂર્વક જમાલી **અનગારને** આ પ્રમાણે કહ્યું કે-હે જમાલી, મારે ઘણુ શ્રમણ નિર્ગ્રન્થ શિષ્યો છદ્મસ્થ છે, તેઓ મારી પેઠે આ પ્રશ્નોનો ઉત્તર આપવા સમર્થ છે, પણ જેમ તું કહે છે તેમ " હું સર્વજ્ઞ અને જીન છું. **એવી ભાષા** તેઓ બોલતા નથી, હે જમાલિ, **લોકશાશ્વત** છે કારણ કે " લોક કદાપિ ન હતો " એમ નથી, કદાપિ લોક નથી એમ નથી, અને " કદાપિ લોક નહિ હશે એમ પણ નથી. પરન્તુ લોક હતો છે અને હશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત-અવ્યય, અવસ્થિત, અને નિત્ય છે. વળી હે જમાલી, લોક **અશાશ્વત** પણ છે. કારણ કે અવસર્પિણી થઇને ઉત્સર્પિણી થાય છે, ઉત્સર્પિણી થઇને અવસર્પિણી થાય છે.

હે જમાલી, **જીવ શાશ્વત** છે. કારણ કે તે કદાપિ ન હતો એમ નથી, કદાપિ નથી એમ નથી, કદાપિ નહીં હશે એમ પણ નથી, જીવ યાવદ....નિત્ય છે, વળી હે જમાલી ? **જીવ અશાશ્વત** પણ છે, કારણ કે નૈરયિક થઇને તિર્યંચ યોનિક થાય છે, તિર્યંચયોનિક થઇને મનુષ્ય થાય છે અને મનુષ્ય થઇને દેવ થાય છે.

ત્યારપછી તે જમાલી અનગાર આ પ્રમાણે કહેતા, યાવત્ એ પ્રકારે પ્રરૂપણા કરતા શ્રમણ ભગવાન્ મહાવીરની આ વાતની શ્રદ્ધા કરતો નથી, પ્રતીતિ કરતો નથી અને આ વાતની રૂચિ કરતો નથી, અને આ વાતની અશ્રદ્ધા કરતો, અપ્રતીતિ કરતો, અને અરૂચિ કરતો પોતે બીજીવાર પણ શ્રમણ ભગવંત મહાવીર પાસેથી નીકળે છે, નીકળીને ઘણા અસદ્-અસત્ય ભાવને પ્રગટ કરવા વડે અને મિથ્યાત્વના અભિનિવેશવડે પોતાને, પરને તથા બન્નેને ભ્રાન્ત કરતો અને મિથ્યા જ્ઞાનવાળો કરતો ઘણા વરસ શ્રમણ પર્યાયને પાળે છે. પાળીને અર્ધમાસિક સંલેખનાવડે-આત્માને-શરીરને કૃશ કરીને અનશનવડે ત્રીશ ભકતોને પૂરા કરી તે પાપસ્થાનકને આલોચ્યા કે **પ્રતિક્રમ્યા સિવાય** મરણ સમયકાલ કરીને **લાન્તક** દેવલોકને વિષે તેર સાગરોપમની સ્થિતિવાળા **કિલ્બિષિક** દેવોમાં **કિલ્બિષિક દેવપણે** ઉત્પન્ન થયો.

પછી તે જમાલી અનગારને કાલગત થયેલા જાણીને ભગવાન્ ગૌતમ જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે. આવીને શ્રમણ ભગવાન્ મહાવીરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંદે છે. નમે છે. વાંદી-નમીને તે આ પ્રમાણે બોલ્યા કે-હે ભગવન , એ પ્રમાણે દેવાનુપ્રિય એવા આપનો અંતેવાસી **કુશિષ્ય જમાલી** નામે અનગાર હતો, તે કાળ સમયે કાળ કરીને કયાં ગયો કયાં ઉત્પન્ન થયો ( ઉ૦ ) હે ગૌતમાદિ ! એ પ્રમાણે કહીને શ્રમણ ભગવાન મહાવીરે ભગવાન ગૌતમને આ પ્રમાણે કહ્યું કે—હે ગૌતમ, મારો અંતેવાસી કુશિષ્ય જમાલી નામે અનગાર હતો તે જ્યારે હું એ પ્રમાણે કહેતો હતો યાવત્ પ્રરૂપણા કરતો હતો ત્યારે તે આ વાતની શ્રદ્ધા કરતો નહોતો, પ્રતીતિ કરતો નહોતો, આ વાતની શ્રદ્ધા પ્રતીતિ કે રૂચિ ન કરતો ફરીથી મારી પાસેથી નીકળીને ઘણું અસદ્-મિથ્યા ભાવોને પ્રગટ કરવાવડે ઇત્યાદિ યાવત....કિલ્બિષક દેવપણે ઉત્પન્ન થયો છે.

( પ્ર૦ ) હે ભગવન્, કિલ્બિષક દેવો કેટલા પ્રકારનાં કહ્યા છે ? [ ઉ૦ ] હે ગૌતમ ત્રણ-પ્રકારના કિલ્બિષ દેવો કહ્યા છે-તે આ પ્રમાણે-ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા અને તેર સાગરોપમની સ્થિતિવાળા.

( પ્ર૦ ) હે ભગવન , ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો કયે ઠેકાણે રહે છે ( ઉ૦ ) હે ગૌતમ જ્યોતિષ દેવોની ઉપર અને સૌધર્મ અને ઇશાન દેવલોકની નીચે ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્બિષીક દેવો રહે છે.

( પ્ર૦ ) હે ભગવાન , ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો કયાં રહે છે ( ઉ૦ ) હે ગૌતમ ! સૌધર્મ અને ઇશાન દેવલોકની ઉપર તથા સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકની નીચે ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો રહે છે. ( ઉ૦ ) હે ગૌતમ, બ્રહ્મ લોકની ઉપર અને લાંતક કલ્પની નીચે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષક દેવો રહે છે.

( પ્ર૦ ) હે ભગવન્, કિલ્બિષિક દેવો કયા કર્મના નિમિતે કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે. ( ઉ૦ ) હે ગૌતમ, જે જીવો **આચાર્યના પ્રત્યનીક (દ્વેષી)** ઉપાધ્યાયનાં પ્રત્યનીક, કુલપ્રત્યનીક, ગણપ્રત્યનીક, અને **સંઘના પ્રત્યનીક** હોય તથા આચાર્ય અને ઉપાધ્યાયના **અયશ કરનારા**, અવર્ણવાદ કરનારા અને અકીર્તિ કરનારા હોય, તથા ઘણા અસત્ય અર્થને પ્રગટ કરવાથી અને **મિથ્યા કદાગ્રહથી** પોતાને પરને અને બન્નેને ભ્રાન્ત કરતા, દુર્બોધી કરતા, ઘણા વરસ સુધી સાધુપણાને પાળે અને પાળીને તે અકાર્ય સ્થાનનું આલોચન કે પ્રતિક્રમણ કર્યા સિવાય મરણ સમયે કાલ કરીને કોઇપણ કિલ્બિષિક દેવોમાં કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે-ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ત્રણ સાગરોપમની સ્થિતિવાળા, કે તેર સાગરોપમની સ્થિતિવાળામાં ઉત્પન્ન થાય.

( પ્ર૦ ) હે ભગવન્, તે કિલ્બિષિક દેવો આયુષ્યનો ક્ષય થવાથી, સ્થિતિનો ક્ષય થવાથી, તરત તે દેવ લોકથી ચ્યવીને કયાં જાય-કયાં ઉત્પન્ન થાય ! ( ઉ૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે ગૌતમ, તે કિલ્બિષિક દેવો, નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ચાર કે પાંચ ભવો કરી, એટલે સંસાર ભ્રમણ કરીને ત્યાર પછી સિદ્ધ થાય, બુદ્ધ થાય, યાવદ્ દુઃખનો નાશ કરે. અને કેટલાક કિલ્બિષિક દેવો તો અનાદિ અનંત અને દીર્ઘ માર્ગવાળા ચાર ગતિ સંસારાટવીમાં ભ્રમણ કરે.

( પ્ર૦ ) હે ભગવન્, શું જમાલી નામે અનગાર રસરહિત આહાર કરતો, વિરસાહાર કરતો, અંતાહાર કરતો, પ્રાંતાહાર કરતો, રૂક્ષાહાર કરતો, તુચ્છાહાર કરતો, અરસજીવી, વિરસજીવી યાવત્ તુચ્છજીવી, ઉપશાંત જીવનવાળો, પ્રશાંત જીવનવાળો, પવિત્ર અને એકાન્ત જીવનવાળો હતો ? ( ઉ૦ ) હે ગૌતમ ? હા જમાલી નામે અનગાર અરસાહારી, વિરસાહારી, યાવદ્ પવિત્ર જીવનવાળો હતો.

( પ્ર૦ ) હે ભગવન, જો જમાલી નામે અનગાર અરસાહારી, વિરસાહારી યાવદ્ પવિત્ર જીવનવાળો હતો તો હે ભગવન, તે જમાલી અનગાર મરણ સમયે કાલ કરીને લાંતક દેવલોકમાં તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવોમાં દેવપણે કેમ ઉત્પન્ન થયો ? ( ઉ૦ ) હે ગૌતમ ? તે જમાલી અનગાર આચાર્યનો અને ઉપાધ્યાયનો પ્રત્યનીક હતો, તથા આચાર્ય અને ઉપાધ્યાયનો અયશ કરનાર અવર્ણવાદ કરનાર હતો યાવદ્ ને ( મિથ્યા અભિનિવેશવડે પોતાને, પરને અને ઉભયને ભ્રાન્ત કરતો ) દુર્બોધ કરતો યાવત્ ઘણાં વરસ સુધી અનગારપણાને પાળીને અર્ધમાસિક સંલેખના વડે શરીરને કૃશ કરીને ત્રીશ ભકતોને અનશનવડે પૂરા કરીને તે સ્થાનકને આલોચ્યા કે પ્રતિક્રમ્યા સિવાય કાલ સમયે કાળ કરીને લાંતક કલ્પમાં યાવદ્ ઉત્પન્ન થયો.

( પ્ર૦ ) હે ભગવન્, તે જમાલી નામે દેવ દેવપણાથી દેવલોકથી પોતાના આયુષ્યનો ક્ષય થયા બાદ યાવત્ કયાં ઉત્પન્ન થશે ? ( ઉ૦ ) હે ગૌતમ, તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવનાં ચાર પાંચ ભવો કરી. એટલો સંસાર ભમી ત્યારપછી તે સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે. હે ભગવન્ તે એમ જ છે, હે ભગવન તે એમ જ છે. એમ કહી ભગવંત ગૌતમ યાવત્ વિહરે છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાટણના જૈન જ્ઞાનભંડારો.

## જૈન ભંડારોએ પાટણનું વધારેલું ગૌરવ.

( ચાલુ ગતાંક પૃષ્ટ ૨૪૪ થી શરૂ )

અણહીલવાડ પાટણ ગુજરાતના પુરાતન રાજ્યની રાજધાની હતું અને ચાવડા વંશના પહેલા રાજા વનરાજે ઇ. સ. ૭૪૫–૬ માં વસાવ્યું હતું ત્યારથી તે આજ સુધી આ પાટણ શહેર ગુજરાતના જૈન ધર્મનું મુખ્ય મથક છે. મધ્યકાલીન સમયના ૧૧, ૧૨ અને ૧૩ મા સૈકામાં તો તે ખરેખર જૈનોનું કેન્દ્રસ્થાન હતું. એ વખતમાં એ ધર્મને જે ઉદાર રાજ્યાશ્રય મળ્યો હતો તેને લીધે એના આચાર્યો નીતિ, તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય, ઈતિહાસ તથા એવા બીજા અનેક વિષયો ઉપર ગ્રંથો લખવાનો વખત મેળવી શક્યા હતા. ચૌદમી પંદરમી તથા સોળમી સદીમાં તથા તે પછી પણ જો કે આ કામ કેટલેક અંશે જારી રખાયું હતું તેમ છતાં અગીઆરમી બારમી અને તેરમી સદીમાં જે કૃતિઓ રચાઈ છે તે એ પછીના કાળમાં રચાયલી કૃતિઓ કરતાં ઘણી જ ઉપયોગી તથા વધારે મહત્વની છે. જૈન આચાર્યોએ ગુજરાતના પાટનગરમાં તથા અન્ય સ્થળોએ રહીને ઘણા અગત્યના ગ્રંથો રચીને ગુજરાતનું સાહિત્ય ઉત્પન્ન કરેલું છે જૈન આચાર્યોએ રચેલું સાહિત્ય બાદ કરીએ તો ગુજરાતનું સાહિત્ય ક્ષુદ્ર દેખાશે. સાહિત્યની પ્રવૃત્તિ પુસ્તકોના સંગ્રહ વગર અશક્ય છે અને તેથી જૈનોએ પોતાના ધાર્મિક સાહિત્ય ઉપરાન્ત બ્રાહ્મણો અને બૌદ્ધોના સાહિત્ય વિષયક અને તત્વજ્ઞાન સંબંધીના ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પણ પાટણ ખંભાત વિગેરે દેશોમાં સંગ્રહેલી હતી. અને તેથી જ હાલમાં આ જૈન ભંડારોને લીધે જ જૈન, બ્રાહ્મણો તથા બૌદ્ધોના પ્રાચીન અમૂલ્ય ગ્રંથો જે કોઇ પણ ઠેકાણેથી મળે નહી તેવા અહીંઆના ભંડારોમાંથી મળી આવે છે. આ ભંડારો જ્યાં જ્યાં છે તે તે શહેરના ગૌરવમાં તેમણે વધારો કર્યો છે; કારણ કે વિદ્વાનોની, ઇતિહાસવેત્તાઓની અને ખાસ કરીને પ્રાચીન ઇતિહાસની કડીઓ મેળવવા ઇચ્છિતા સંશોધકોની અને ભાષાશાસ્ત્રીઓની દૃષ્ટિએ આ દર્શનીય વસ્તુઓ છે અને દુનિયા ભરના વિદ્વાનોને જ્યારે જ્યારે પ્રસંગ મળે ત્યારે ત્યારે ભૂતકાળના આવા પુરાવાના સંગ્રહસ્થાનની–જ્ઞાન ભંડારના મુલાકાત લેવાનું ચૂકતા જ નથી, અને તેથી જ પાટણમાંના અમૂલ્ય ભંડારોથી કંઇક અનેરી વસ્તુઓ–હકીકતો મેળવવા યુરોપ અમેરીકાના જિજ્ઞાસુ વિદ્વાનો દરવર્ષે પાટણમાં આવતા આપણે જોઈએ છીએ. ખરેખર પાટણનું આ ગૌરવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાચીન ભંડારોની ઉત્પત્તિ, વિકાસ અને દુર્દશા**--જૈન આચાર્યો, મુનિઓ વિગેરેના ઉપદેશથી કે પોતાના આંતરિક ઉલ્લાસથી જુના વખતમાં રાજાઓએ, મંત્રીઓએ તેમજ ધનાઢ્ય જૈન ગૃહસ્થોએ તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્ત, શ્રવણ નિમિત્ત, પોતાના કે પરલોકવાસી સ્વજનના કલ્યાણ નિમિત્ત, સાહિત્ય પ્રત્યેની પોતાની અભિરૂચિનાં કારણે કે લોક આગળ વાંચી બતાવવા આચાર્યોને ભેટ ધરી પુણ્યના ભાગી બનવાની ઇચ્છાથી પોતાની શકિત અનુસાર નવીન પુસ્તકાદર્શો લખાવીને, અથવા પુરાતન જ્ઞાનભંડારો અસ્તવ્યસ્ત થવાને કારણે કોઈ વેચતું હોય તો વેચાતા લઈને મોટા મોટા જ્ઞાનભંડારોની સ્થાપના કરી છે. સાધારણમાં સાધારણ વ્યકિતઓએ પોતે અલ્પસંપન્ન હોવા છતાં શુભ નિમિત્ત પ્રાપ્ત થતાં ટીપે ટીપે સરોવર ભરાય એ ન્યાયે મહાનમાં મહાન જ્ઞાન ભંડારો ઉભા કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે.

ગુજરાતના મહારાજા કુમારપાલ કે સિદ્ધરાજના સમય પહેલાં જૈન ભંડારો હતા કે નહિ તેની માહિતી મળતી નથી. જૈન ગ્રંથોતો વિક્રમની છઠ્ઠી સદીથી લખાયા છે. કુમારપાલે ૨૧ ભંડારો અને રાજા વિરધવલના મંત્રી વસ્તુપાલે ૧૮ કરોડના ખર્ચે ત્રણ મોટા ભંડારો સ્થાપ્યા હતા, પરન્તુ દિલગીરીની વાત છે કે આ મહત્વના ભંડારોમાંનું એક પણ પુસ્તક પાટણના ભંડારોમાં મળી આવતું નથી. કુમારપાલની ગાદીએ આવનાર અજયપાલ જૈનો અને જૈન ધર્મનો એટલો બધો દ્વેષી બન્યો હતો કે જૈન સાહિત્યનો નાશ કરવામાં તેણે પોતાથી બનતી બધી કોશેષ કરી હતી. તેથી ઉદયન નામના જૈન મંત્રી તથા બીજા આગેવાનો પાટણથી આ ભંડાર ખસેડી જેસલમીર લઈ ગયા હતા. જેસલમીરમાં તાડપત્રોની નકલો મુખ્ય કરીને પાટણમાંની છે. વસ્તુપાલના સ્થાપેલ ભન્ડારોનો નાશ મુસલમાનોના વખતમાં થયો જણાય છે. ઇસ્લામી આક્રમણોનાં પ્રતિદિન ધસી આવતાં મોજાંએ ચોરાસી ચૌટાં અને ચોરાસી ચકલાંવાળા સુંદર અને પુરાતન પાટણ શહેરને ધૂળભેગું કરી નાંખ્યું અને તેની સુંદર સ્થાપત્ય કળાનાં સ્મૃતિરૂપ કામોનો એક પથ્થર પણ અવશેષ ન રહેવા દીધો, છતાંય કોઈ અજબ રીતે જ જૈન મંત્રીઓ અને જૈન ગૃહસ્થોના પ્રયાસથી સરસ્વતી ભંડાર અને તેમાંની હસ્તલિખિત પ્રતોના પુરાણા અને વિખ્યાત સંગ્રહ એમની તીક્ષ્ણ દાઢમાંથી બચી ગયા. પરમેશ્વરનો પાડ માનવો જોઈએ કે એલેકઝાન્ડ્રીઆનાં જાણીતાં પુસ્તકાલયો જેવી એમની દશા ન થઈ.

**પ્રાચીન ભંડારોના અવશેષો**—મુસલાનોના આક્રમણના સમયમાં ભંડારોને સાચવવા હેરફેર કરતાં કરતાં જે પુસ્તકો બચ્યાં તેમને સાચવી રાખવા ઉપરાંત ત્યારપછીના શાન્તિના વખતમાં લોક આગળ વાંચી બતાવવા વાસ્તે અગર આચાર્યો અને મુનિવર્ગને અધ્યયન કરવા વાસ્તે પુસ્તકો ભેટ ધરવાં એ જૈન કોમમાં પુણ્યનું કામ મનાતું હોવાથી, લોકોએ પુસ્તકોની નકલો કરાવવા પાછળ યથાશક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાની મોટી રકમો ભૂત-ાળમાં ખર્ચી છે. કેટલીક હસ્તલિખિત પ્રતોની છેવટ આપેલ પ્રશસ્તિઓપરથી આ વાતની સાબિતી સારી રીતે મળી આવે છે. પાટણના જૈન ભંડારોમાં હસ્તલિખિત પ્રતો આવા મોટા જથ્થામાં શી રીતે એકઠી થઇ તે આ ઉપરથી સમજાશે.

**પરદેશીઓએ ભંડારોનું સંશોધન કરવા કરેલા પ્રયત્નો**—પાટણના ભંડારોનું મહત્વ સૌથી પહેલું ઇ. સ. ૧૮૩૨ ના જુનમાં "રાજસ્થાન"ના જાણીતા લેખક કર્નલ ટૉડના સમજવામાં આવ્યું. અણુહીલવાડની ખાસ મહત્વની વસ્તુઓ તરીકે કર્નલ ટોડ ફક્ત બેનાં નામ જ આગળ ધરેછે: એક અણુહીલવાડ વસાવનાર વનરાજની પ્રતિમા અને બીજું પોથી ભંડાર યાને જૈન પુસ્તકાલયો. કર્નલ ટોડના ગુરૂ હેમાચાર્યથી ઉતરી આવેલા હોવાથી તેમની સાથે તેઓ આ ભંડાર જોઇ શક્યા હતા.

તેમના પછી પાટણના ભંડારની મુલાકાત લેનાર યુરોપિયન રાસમાળાનો જાણીતો લેખક અલેકઝાન્ડર કિન્લોક ફૉર્બસ હતો. તેના પછી સને ૧૮૭૩ માં અને ૧૮૭૫ માં વિદ્વાન ડૉ. જી. બુલરે એ મુલાકાતો લીધી હતી. વડોદરા રાજ્યના અમલદારોની મદદથી અને પાટણ ભંડાર નગરશેઠ અને પંચ કે જેના તાબામાં આ ભંડાર હતા તેમની કેટલીય ખુશામત પછી એમને કેટલાક ભંડારમાં દાખલ થવા દેવામાં આવ્યા હતા. સંઘવીના પાડાનો ભંડાર જોવાની એમને બધાને છૂટ મળી હતી. અને તેથી એમાંની કેટલીક દુર્લભ કૃતિઓની નકલો ઉતારી લીધી હતી. એજ વર્ષમાં ફરી બે વખત ભંડારો જોવા આવ્યા હતા પણ તેમાં તેમને સફળતા મળી નહિ. પાટણ છોડયા બાદ હેમચંદ્રનો પ્રખ્યાત ભંડાર જોવા દેવાની માલીકે ખુશી જણાવી. તેમનાથી તો પાછું ફરી શકાય તેમ નહોતું, તેથી તેમણે એક શાસ્ત્રી મોકલાવી તેનું નવું પત્રક બનાવ્યું તથા બીજા ભંડારનું પત્રક મળી આવ્યું. આ પત્રકો ઉપરથી ડૉ. બુલરે જે નિવેદન રજુ કર્યું તેના ફળ તરીકે મુંબઇ સરકારે ડૉ. આર. જી ભાન્ડારકરને ભંડારના સંગ્રહો તપાસવા પાટણ મોકલ્યા તેમણે ૧૮૮૩ માં પ્રો. કાથવટે સાથે પાટણની મુલાકાત લીધી હતી અને તેઓ તે વખતના ૧૧ પૈકી ચાર—જ ભંડાર—ફોફળીઆવાડાના બે,—ભાભાના વાડાનો એક તથા સંઘવીના વાડાનો એક—જોઇ શકયા હતા. બાકીના તેમના માલીકો બતાવવા માંગતા નહોતા. ડૉ. ભાંડારકર માને છે કે સને ૧૮૮૦–૮૧ માં ડૅક્કન કોલેજના સંગ્રહમાં જે તાડપત્રીઓ ઉમેરવામાં આવી હતી તે મૂળ માકા મોદીના ભંડારમાંની હતી. આ જૈન સંગ્રહો ઉપરાન્ત તેમણે પાટણમાંના બ્રાહ્મણ ધર્મની કૃતિઓના ત્રણ સંગ્રહ પણ જોયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વડોદરા રાજ્યે કરેલા પ્રયત્નો**—અત્યાર સુધીની ભંડારો સંબંધની શોધખોળો અપૂર્ણ તેમજ ઉપર ચોટીયા હતી. પરદેશીઓએ ભંડારો જોવા કરેલા પ્રયત્નોએ અને તેમની જ સૂચનાથી મુંબઈ સરકારે ડૉ. ભાન્ડારકર મારફત કરાવેલી તપાસે વડોદરા રાજ્યને આ શહેરના તમામ સંગ્રહોની વધારે ઉંડી, સૂક્ષ્મ અને સંપૂર્ણ શોધ કરાવવાનું સુઝાડયું અને એટલા વાસ્તે નડીઆદવાળા વિદ્વાન પ્રો. મણિલાલ નભુભાઇ દ્વિવેદીને સને ૧૮૯૨ માં આ કામે નીમ્યા. અંધારામાં અને ગુંગળાવી નાખે તેવા ભોંયરામાં બેસીને પ્રો. દ્વિવેદીએ એકેએક દાબડો ઉઘાડી નવથી દસ હજાર પ્રતો તપાસી કાઢી અને તેની યાદી પણ બનાવી.

તેમણે ગણાવેલા બાર ભંડારોમાંના બે–રણછોડ ભારદ્વાજનો ભંડાર અને મણિશંકરનો–ભંડાર બ્રાહ્મણના ઘરમાં હતા અને તે જૈન ભંડાર ન હોતા. પહેલામાં કેટલીક જૈન કૃતિઓ હતી ખરી, પણ બીજામાં તો ફક્ત બ્રાહ્મણ ધર્મની જ કૃતિઓ હતી. આ તમામ સંગ્રહોની પૂર્ણ તપાસ પછી નકલો ઉતારી લેવા લાયક ૩૭૪ કૃતિઓની એક યાદી પ્રો. દ્વિવેદીએ તૈયાર કરી હતી. તેમણે ભલામણ કરેલ કૃતિઓમાંની ઘણીખરીના સંપૂર્ણ અનુવાદ કે સંક્ષિપ્ત ઉતારા વડોદરા રાજ્યે ગુજરાતી ભાષામાં તૈયાર કરાવ્યા હતા. અગાઉની તપાસો કરતાં આ તપાસ સવિસ્તર અને કેટલેક અંશે સંપૂર્ણ બની હતી.

પ્રો. દ્વિવેદી પછી તુરત જ ૧૮૯૩ના ડિસેમ્બરમાં પ્રો. પિટર્સન આજ કામ માટે મુંબઇ સરકાર તરફથી નિમાયા. આ તપાસમાં ફોફળીયાવાળા ભંડારમાંથી બહુ જ પ્રાચીન તાડપત્રી પ્રતોથી ભરેલ એક વિશેષ પેટી જે પહેલાંના જોનારને લુગડાંથી ભરેલી છે એમ કહેવામાં આવતું હતું તે જોઇ શકયા હતા. આ પેટી સ્વતંત્ર પુસ્તકાલય જ હતું તે આ શોધમાં જણાયું. આ વખતે બધી પ્રતો પ્રો. પિટર્સનને છુટથી બતાવવામાં આવી હતી અને તેથી કરીને ૨૦૦ કરતાં પણ વધારે ગ્રંથોના ઉતારા તેઓ લઇ શકયા હતા. તેમના નિવેદનમાં તેમણે જણાવ્યું છે કે ઉતારા કરેલા ગ્રંથો જૈન કોમ તેમ જ બીજા લાગતા વળગતા પક્ષોને ઉત્તેજીત કરશે અને આ પુસ્તકોને પ્રકાશમાં લાવવા જરૂર તેઓ પગલાં લેશે.

પ્રો. પિટર્સનની આ આશા થોડા જ વખતમાં પાર પડી, કારણ કે એમના રિપોર્ટ ઉપરથી જૈન કોમમાં વિશેષ જાગૃતિ આવી અને તેને લીધે મુંબઇની જૈન કોન્ફરન્સ મારફત પાટણ તેમજ બીજાં સ્થળોના વધારે અગત્યના જૈન ભંડારની એક યાદી તૈયાર કરાઇ પ્રસિદ્ધ થઇ હતી. પણ આ યાદીમાં એક પણ જૈનેતર પ્રતનું નામ દાખલ કરવામાં આવ્યું ન હોતું.

ત્યાર બાદ છુટા છવાયા વ્યક્તિગત પ્રયત્નો દેશી અને વિદેશી વિદ્વાનોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમુક અલભ્ય ગ્રંથો સંશોધન અર્થે મેળવવા કરેલા છે, પરન્તુ પાટણના હાલના એકેએક ભંડારના એકેએક પુસ્તકને જોઈ તેની યોગ્ય નોંધ કરવાનો અને પ્રતોને વ્યવસ્થિત કરી ગોઠવવાનો ભગીરથ પ્રયત્ન તો સ્વ. ચીમનલાલ ડી. દલાલે પ્રવર્તક કાન્તિવિજયજી અને તેમના શિષ્યોની મદદથી સને ૧૯૧૫ માં કર્યો હતો. તેમણે કરેલા નિવેદન ઉપરથી આવા પુરાણા અને અમોલા સંગ્રહોમાંથી પસંદ કરેલા મહત્ત્વના ગ્રંથોનું સંશોધન કરી પ્રસિદ્ધ કરવા શ્રીમંત સરકારે ગાયકવાડ ઓરીયન્ટલ ઇન્સ્ટિટ્યુટ નામનું એક જુદું ખાતું ખોલ્યું છે. આ ખાતા મારફત ગાયકવાડ ઓરીએન્ટ સીરીઝના અંકો તરીકે પાટણ ભંડારના કેટલાએ મહત્વના ગ્રંથો છપાઇને બહાર પડયા છે અને હજી બહાર પડયે જાય છે. હાલમાં જ અહિંના ભંડારોમાંની તાડપત્રી પુસ્તકોની એક યાદી પ્રસિદ્ધ થાય છે અને તેનાં લગભગ એક હજાર પાન થશે. ખરેખર શ્રીમંત સરકારે ઉદાર રાજ્યાશ્રય આપી આવાં અમોલાં અને પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોને વિસ્મૃતિના ઉંડા ધરામાં વખતના વહેલા સાથે બૂડતાં બચાવ્યાં છે.

## હાલના ભંડારો.

**( ૧ ) સંઘવીના પાડાનો ભંડાર.** આ પ્રાચીન અને પ્રધાન તાડપત્રની પ્રતોના સંગ્રહવાળો ઉપયોગી ભંડાર છે. તે તપગચ્છની લઘુ પોશાલીય શાળાના છે એમ સ્પષ્ટ જણાય છે કે મુનીંદ્ર સોમના સમયમાં પ્રથમ તેને વ્યવસ્થિત કરવામાં આવ્યો હતો અને પાછળથી સં. ૧૯૧૪ માં ઋદ્ધિસાગરે ટીપ બનાવી યથાસ્થિત કર્યો હતો. આની ટીપ મળી આવી છે, પણ તે ૪૩૪ પોથીના ૩ દાબડાના ગ્રંથનાં માત્ર નામ જણાવતી અધુરી અને અશુદ્ધ છે. આમાંથી પંદરેક પ્રતો સુરત ગઇ છે, જ્યારે ન્યાયની એક પ્રત ચોરાઇ ગઇ છે. પાટણમાં ડો. બુલર આવ્યા ત્યારે તેમને આ ભંડાર જોવા દેવામાં નહોતો આવ્યો પણ તે સુરતના નારાયણ શાસ્ત્રી પાસે એક ટીપ કરાવી મેળવી શકયા હતા. આ ટીપ શુદ્ધ ન હતી એવું ડોકટર કીલહોર્નના રિપોર્ટ ઉપરથી જણાય છે. ડો. પિટર્સને આ ભંડાર જોવા ઘણી મહેનત કરી છતાં તે ફાવ્યા નહોતા.

આ ભંડારમાં ખરી રીતે જે અમૂલ્ય ખજાનો છે તે સમસ્ત જગત સમક્ષ મૂકવાથી અતિશય લાભ થવાનો સંભવ છે. જૈન અને બ્રાહ્મણના સંસ્કૃત અને પ્રાકૃત જાણીતા અને અજાણ્યા ગ્રંથો આમાંથી મળી આવ્યા છે; એટલું જ નહિ પરન્તુ નવું એવું અપભ્રંશ ભાષાનું વ્યાકરણ લખવામાં સહાય મળશે. ગુજરાતી એકલી નહીં પણ મરાઠી, હિન્દી અને હિંદની બીજી ઘણી દેશી ભાષાનું તુરતનું મૂળ અપભ્રંશ છે તે સાબીત થયે તે તે ભાષાનું રૂપાંતર સમજાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ભંડારની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. પણ પ્રવર્તક મુનિ મહારાજશ્રી કાન્તિવિજયજીએ પોતાના શિષ્યોની મદદથી જુનાં પૂઠાં કાઢી નાંખી તેને વ્યવસ્થિત કરેલો છે, તેથી ઘણી સગવડ થઇ છે. તેમાં ૪૧૩ પોથીઓ છે. કેટલીક પોથીઓમાં એક કરતાં વધુ ગ્રંથો લખાયા છે આની ટીપ કરવામાં આવી છે અને તેમાં ગ્રંથ કર્તાની હકીકત, રચનાનો કાળ, અને પ્રતનો સમય જણાવ્યો છે. આ ભંડારની વ્યવસ્થા અને દેખરેખ વંશપરંપરાથી પટવાવાળા રાખે છે. હાલમાં કુટુંબ પૈકી શેઠ પન્નાલાલ છોટાલાલ સંઘ તરફથી વ્યવસ્થા કરે છે.

**(૨) વખતજીની શેરીમાં ફોફળીયાવાડામાંનો ભંડાર.**

આ ભંડાર શ્રીસંઘનો છે અને તેમાં ૨૬૮૬ કાગળની પ્રતો અને ૧૩૭ તાડપત્રની પ્રતો હોવાથી તે મોટામાં મોટો છે. કાગળની પ્રતો સારી રીતે ગોઠવેલી છે. પરંતુ ૮૧ તાડપત્રની નાની પ્રતો લાકડાનાં પાટીઆં અને લુગડાંનાં પૂઠાં વગર લુગડાના કડકામાં મૂકેલી હતી. હમણાં પ્રવર્તક કાન્તિવિજયજીએ લાકડાના પાટીઆં વચ્ચે મૂકાવી તેની સંભાળ રહે તેવી વ્યવસ્થા કરેલી છે.

ડોકટર પિટર્સને પોતાના પાંચમા રિપોર્ટમાં ૭૬ તાડપત્રની પ્રતો વર્ણવી છે. આ ભંડારમાં નીચેના બીજા ત્રણ ભંડારોનાં પુસ્તકો પણ મૂકેલાં છે.

(અ) લીંબડીના પાડાનો ભંડાર–આમાં ૪૨૫ કાગળની પ્રતો છે કે જેમાંની કેટલીક ભાગ્યે જ મળે તેવી અને પ્રાચીન છે તેમાં **સંવત ૧૩૫૬–૫૭ માં લખાયેલો જુનામાં જુના કાગળનો ગ્રંથ છે.**

(બ) પાટણમાં બીજે સ્થળે ભાગ્યે જ મળે એવાં કેટલાંક પુસ્તકોની નવી પ્રતોનો સંગ્રહ છે કે જેની સંખ્યા ૩૬૬ છે.

(ક) વસ્તા માણેકની માલિકીના ગ્રંથોમાંના કેટલાક આમાં મૂકવામાં આવ્યા છે.

આ ભંડારની વ્યવસ્થા અને દેખરેખ સંઘની પેઢી શેઠ ધરમચંદ અભેચંદના નામથી રાખે છે.

(૩) **વાડી પાર્શ્વનાથનો ભંડાર**—આમાં ૪ તાડપત્ર ઉપરની પ્રતો છે, પણ આ ભંડારની ખરી ઉપયોગિતા એમાં રહેલી છે કે તેમાં પ્રાચીન તાડપત્રો ઉપર લખેલા ગ્રંથોમાંથી સંવત ૧૪૮૦–૧૪૯૦ માં તે સમયના ખરતર ગચ્છના પાટધર આચાર્યની આજ્ઞાથી ઉતારેલા કાગળ ઉપરના હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ છે. આમાં ન મળે તેવા અને વિશ્વસનીય જૈન સાહિત્યના ગ્રંથો છે એટલું જ નહિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ **બ્રાહ્મણો અને બૌદ્ધોના સાહિત્યવિષયક અને તત્ત્વજ્ઞાન સંબંધીના** ગ્રંથોની હસ્તલિખિત પ્રતો છે. ઘણો સમય થયો છતાં તેમાંના ઘણાખરા ગ્રંથો ઘણી સારી સ્થિતિમાં છે, જ્યારે તેજ કાળમાં લખ યલા કેટલાક એવી જીર્ણ અવસ્થામાં છે કે માત્ર અડયા કે તેનો ભરભર ભૂકો થઇ જાય છે. આનું કારણ જ્યાં તે મૂળ રાખવામાં આવ્યા હતા તે જગ્યામાં રહેલી ભીનાશવાળી હવા છે. હાલમાં આ ભંડારને સારી રીતે રાખવામાં આવે છે. પ્રતની સંખ્યા ૭૪૪.

આ ભંડારની વ્યવસ્થા અને દેખદેખ સંઘ તરફથી શેઠ વાડીલાલ હીરાચંદ રાખે છે.

( ૪ ) **આગલી શેરીનો ફોફળીઆ વાડાનો ભંડાર:**—તેમાં કાગળ ઉપર ૩૦૩૫, તાડપત્ર ઉપર લખેલા ૨૨ અને લુગડા ઉપર લખેલ એક ગ્રંથ છે, આમાં ખાસ કરી જૈનોનાં આગમો અને તે ઉપર થયેલ ટીકાઓનો સુંદર સંગ્રહ છે. આમાં વિક્રમ સંવત ૧૬ મા સૈકાની શરૂઆતમાં પાટણના કરોડપતિ છકુશાએ લખાવેલા ગ્રંથો છે. આ ઉપરાંત જૂની ગુજરાતીમાં લખેલા રાસાઓનો સંગ્રહ આમાં સારો છે. આખો ભંડાર સારી સ્થિતિમાં રાખવામાં આવ્યો છે. તપગચ્છના સંઘ તરફથી શેઠ મુળચંદ દોલાચંદ વ્યવસ્થા અને દેખરેખ રાખે છે.

( ૫ ) **ભાભાના પાડામાંનો તપગચ્છની વિમલ શાખાનો ભંડાર:**—આમાં બે સંગ્રહ છે, એકમાં ૫૨૨ અને બીજામાં ૧૮૧૪ કાગળ ઉપર લખેલી પ્રતો છે. બંનેની યાદી ઘણી જ અશુદ્ધ છે. ઘણીખરી પ્રતો બહુ જૂની નથી પણ સામાન્ય છે. થોડી ઘણી જૂની છે. ભંડાર સારી સ્થિતિમાં છે. આ ભંડારની વ્યવસ્થા ઉત્તમચંદ નાગરદાસ માટલી સંઘ તરફથી કરે છે.

( ૬ ) **સાગરના ઉપાશ્રયનો ભંડાર:**—આમાં ૧૩૦૯ કાગળ ઉપર લખેલી પ્રતો છે. તેમાંની ઘણીખરી સામાન્ય અને થોડાં પાનાની છે. આ ઉપરાંત ભાવસાગરના ૧૦૮ હસ્તલિખિત ગ્રંથો છે. આ બધાની સારી સ્થિતિ છે અને તેની વ્યવસ્થા શેઠ વાડીલાલ હીરાચંદ સંઘ તરફથી કરે છે.

( ૭ ) **મકા મોદીનો ભંડાર:**—તેમાં ૨૩૦ કાગળ ઉપર લખેલ અને ૨ તાડપત્રની પ્રતો છે. કાગળ ઉપર લખેલાં પુસ્તકો સામાન્ય રીતે જૂનાં છે. ડૉકટર કીલ્હોર્ને મુંબઇ સરકાર માટે સને ૧૮૮૦–૮૧ માં પાટણમાં જે ૭૯ તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો ખરીદ કર્યાં હતાં તે આ ભંડારમાંનાં હતાં. હાલ આ ભંડાર હેમચંદ્ર જૈન સભાને સોંપાયો છે અને તેમના તરફથી સાગરના ઉપાશ્રયમાં રાખવામા આવેલો છે.

( ૮ ) **વસ્તા માણેકનો ભંડાર:**—આ ભંડાર માજી વકીલ લેહરૂભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાહ્યાભાઈને આપવામાં આવ્યો હતો. તેમાં ૫૨૨ હસ્તલિખિત પ્રતો છે, કે જેમાંની ઘણીખરી ૩૦૦ થી ૪૦૦ વર્ષ સુધીની જૂની છે. આ ભંડાર પણ પાટણ હેમચંદ્રાચાર્ય જૈન સભાને સોંપાયો છે અને નં. ૬ અને ૭ સાથે સાગરના ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો છે.

(૯) **ખેતરવશીનો ભંડારઃ**—આ ભંડાર ૭૬ તાડપત્ર ઉપર લખેલા ગ્રંથોને લઇને ઘણો અગત્યનો છે. આમાંથી જ કલીંજરના રાજા પરમર્દીદેવના મંત્રી વત્સરાજનાં છ નાટકો મળી આવ્યાં છે. તે ઉપરાંત જૈનોનાં કેટલાંક ન મળી શકે તેવાં પુસ્તકો આમાં છે, એટલું જ નહીં, પરંતુ આમાં ગોડવહો, રાવણવહો અને કાદંબરીનો પુલિંદે પૂરો કરેલો ભાગ પણ મળી આવે છે. ઘણા વખતની જૂની પ્રતો હોવા છતાં ઘણી સારી સ્થિતિમાં છે; પરંતુ કેટલીક બેદરકારીને લઇને લાકડાનાં પાટીઆં વગર કપડામાં તેને બાંધી રાખવામાં આવી હતી, પણ રા. દલાલે તેના રખવાળોનું આ ઉપર ધ્યાન ખેંચતાં તેમણે તેને લાકડાના પાટીઆમાં રાખવા વચન આપ્યું હતું. સંઘ તરફથી આ ભંડારની વ્યવસ્થા અને દેખરેખ શેઠ ગભરૂચંદ વસ્તાચંદ રાખે છે.

(૧૦) **મહાલક્ષ્મીના વાડાનો ભંડારઃ**—આમાં ૮ તાડપત્ર ઉપર લખેલાં અને થોડાં અધુરાં કાગળ ઉપર લખેલાં પુસ્તકો છે. તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો લક્ષસૂક્તિકાર તરીકે પોતાને ઓળખાવતા લક્ષ્મણ નામના કવિનો સૂક્તિ ઉપર ગ્રંથ છે. આ ભંડાર ત્યાંના ઉપાશ્રયમાં રાખવામાં આવ્યો છે અને સંઘ તરફથી શેઠ ચુનીલાલ ઘેલાચંદ તેની વ્યવસ્થા અને દેખરેખ રાખે છે.

(૧૧) **અદુવશીના વાડાનો ભંડારઃ**—આમાં બે તાડપત્ર ઉપર લખેલી પ્રતો છે કે જેમાંની એક તાડપત્ર ઉપર લખવાના સમય પછી ઉતારેલી છે. આ સિવાય બીજાં થોડાં કાગળ ઉપર લખેલાં પુસ્તકો છે.

(૧૨) **હિંમતવિજયજીનો ભંડારઃ**—આ ખાનગી ભંડાર છે અને તેમાં મુખ્યપણે શિલ્પકળાનાં પુસ્તકો છે, જેનો હિંમતવિજયજીએ ખાસ અભ્યાસ કર્યો છે.

(૧૩) **લાવણ્યવિજયનો ભંડારઃ**—આમાં સામાન્ય કાગળ ઉપર લખેલાં પુસ્તકો છે, કે જેનો મોટો ભાગ રાધણપુર રાખવામાં આવેલ છે. પાટણમાં આટલા વિદ્યમાન ભંડારો છે.

(૧૪) **ઢંઢેરવાડાનો પ્રસિદ્ધ ભંડારઃ**—આ ભંડાર પુનમીઆ ગચ્છના શ્રી પૂજ્યનો હતો તે હાલ જણાતો નથી. હાલમાં શ્રી પૂજ્ય અને પાટણના જૈન સંઘ વચ્ચે એક મુકદ્દમો થયો હતો તેમાં આ ભંડાર સંબંધી તકરાર હતી, આથી તેને ખસેડી અન્ય સ્થળે લઇ જવામાં આવ્યો છે. થોડી ઘણી આશા રહે છે કે તે પ્રકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શમાં આવશે. એમ કહેવાય છે કે આ ભંડારમાં મૂળ ૪૦૦ દાબડા હતા. શ્રી સ્વરૂપચંદ યતિના હાથમાં આ ભંડાર હતો, તે કોઇને પણ પ્રત જોવા દેતા નહીં તેમના મરણ પછી શ્રી પૂજ્યની ગાદી સંબંધી તકરાર ઉઠી અને તેનું છેવટ આવે તે પહેલાં ઉપયોગી કેટલાક હસ્તલિખિત પુસ્તકોને તેને ખરીદવાને ફરતા બ્રિટિશ અમલદારોના એજંટોને વેચી દેવામાં આવ્યાં. પ્રો. મણિલાલ નભુભાઇ દ્વિવેદીને આ ભંડાર જોવા દેવામાં આવ્યો હતો, પણ તેમના મનમાં પણ સંદેહ રહ્યો હતો કે કેટલાંક પુસ્તકો તેની નજરથી દૂર રાખવામાં આવ્યાં હતાં. યુરોપિયન વિદ્વાનો એમ માનતા આવ્યા છે અને હજી પણ માને છે કે આ મહાન્ હેમચંદ્રાચાર્યનો ભંડાર હતો પણ તે ખોટું છે. હેમચંદ્ર પૂર્ણતલ્લ ગચ્છના હતા. ઢંઢેરવાડામાં પૂર્ણિમા ગચ્છના શ્રીપૂજ્ય નામે મહેંદ્રપ્રભે અંબડરાસ રચ્યો છે તેમાં તે વિજયસુંદરથી ઉતરી આવેલા છે એવું જણાવ્યું છે. નહીં કે શ્રીહેમચંદ્રથી. આ ગચ્છની બે શાખા હતી. એક ચાણસ્મામાં અને બીજી લાડોલમાં. આ ભંડારનો વિસ્તાર બહોળો જણાય છે અને તેમાં સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી હસ્તલિખિત પુસ્તકોનો મોટો સંગ્રહ હતો એમ લાગે છે. આમાંનાં ઘણાખરાં તે ગચ્છના યતિઓએ લખેલાં હોઇ શુદ્ધ જ હતાં. આમાં તાડપત્ર ઉપર લખેલું એક પણ પુસ્તક હતું નહી, અને તેમાંના કાગળ ઉપર લખેલાં પુસ્તકો પણ ત્રણ સૈકા કરતાં વધુ પ્રાચીન નહીં હોય એમ માનવાને કારણ રહે છે.

**હસ્તલિખિત પ્રતોની સ્થિતિ અને બીજી હકીકત.**—પાટણના ભંડારોમાંનાં પુસ્તકો ઉપર વિદેશી તેમજ બીજાનો ડોળો કર્નલ ટોડના વખતથી રહ્યો છે. મૂળ પાટણના ભંડારો યતિઓના તાબામાં હતા અને તેમની પાસે ખાનગી મિલ્કત તરીકે ઘણી હસ્તલિખિત પ્રતો રહેતી. ઘણી મોટી નાણાંની રકમોથી લલચાઇ તેઓ તે આપી દેતા. ખબર પ્રમાણે સંઘના બ્રાહ્મણ મુનિમે પણ ઘણી પ્રતો વેચી નાંખી હતી. કેટલાક સ્વાર્થી લોકો કેટલીક પ્રતોને ચોરી પણ લઇ ગયા છે. આ રીતે કાગળ તેમજ તાડપત્ર ઉપરની પ્રતો મુંબઇ, પુના અને વિદેશોમાં ગયેલી છે. હાલમાં આ ભંડારો જૈન શ્રાવકોના હાથમાં છે, તેથી તેમાંથી પ્રતો વેચાણથી ચાલી જવાનો ઘણો ઓછો સંભવ છે.

**પુસ્તકો માટે વપરાતા તાડપત્રો:**—પાટણમાંનાં તાડપત્ર ઉપરના પુસ્તકો દક્ષિણહિન્દના તાડપત્રોથી કદમાં, પત્રોની જાતમાં અને લેખન પદ્ધતિમાં ઘણાં ભિન્ન પડે છે. મદ્રાસનાં તાડપત્રો હમેશાં જાડાં અને ઘટ્ટ હોય છે, જ્યારે પાટણનાં પાન પાતળાં છે. તેમ છતાં જાડાં તાડપત્રો મલબારથી લાવવામાં આવતાં એમ સ્પષ્ટ રીતે સંઘવીના પાડાના ભંડારની એક પ્રતમાં એક બાજુએ કરેલા ઉલ્લેખ પરથી જણાય છે. દક્ષિણમાં તાડપત્ર ઉપર ખીલાથી લખવામાં આવે છે. જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતની પ્રતોમાં કલમવડે શાહીથી અક્ષરો લખવામાં આવ્યા છે. દક્ષિણમાંનાં પુસ્તકો ગુજરાત જેટલાં પ્રાચીન નથી, કારણ કે ડૉ. બર્નેલના જણાવવા પ્રમાણે જૂનામાં જૂના પુસ્તકનું વર્ષ સન ૧૪૨૮ છે. તેની લિપિ ગુજરાતનાં તાડપત્રોનાં પુસ્તકોની માફક જૂની દેવનાગરી છે અને અક્ષરો તે વખતના શિલાલેખોમાં જેવા જણાય છે તેવા છે. મોટામાં મોટા કદનું તાડપત્રી પુસ્તક ૩૬ ઈંચ લાંબા અને અઢી ઈંચ પહોળા પાનાનું છે અને નાનામાં નાની પુસ્તિકાનું કદ ૪॥–૨॥ ઈંચનું છે.

હસ્તલિખિત પ્રતો યતિઓ અથવા જેનો લહીઆ તરીકેનો ધંધો હતો એવા લહીઆઓ, કે જે મુખ્યત્વે બ્રાહ્મણો, કાયસ્થો અને વાણીઆઓ હતા, તેમના હાથથી લખાતી. આવી રીતે પ્રતો લખાવવાનો, તેમાં વપરાતાં તાડપત્રો વગેરેનો ખર્ચ ઘણો વધારે આવતો. આવી પ્રતોનું બક્ષીસ કે વેચાણ થતું હતું, તેથી પ્રતો એકના તાબામાંથી બીજાના તાબામાં જતી હતી. જે જે સ્થળોએ પુસ્તકો લખવામાં આવતાં હતાં તેના ઉલ્લેખ પુસ્તકોમાં છે અને તેમાં પાટણ, ધોળકા, કર્ણાવતી, ડુંગરપુર, વીજાપુર, ચંદ્રાવતી અને પ્રલ્હાદનપુર ( પાલણપુર ) વિશેષ પ્રમાણમાં માલુમ પડે છે. જે રાજાના સમયમાં તે લખાયાં હતાં તેમાં સિદ્ધરાજ, કુમારપાલ, વિશલદેવ અને સારંગદેવના નામ બહુ જણાય છે.

**તાડપત્રનાં સચિત્ર પુસ્તકો:**—તાડપત્રનાં પુસ્તકોમાં સમજણ સાથેનાં ચિત્રો પણ આળેખવામાં આવતાં. અહીંના ભંડારો પૈકી એક જ ભંડારમાં એકજ પુસ્તક છે કે જેમાં સમજણ સાથેના ચિત્રો છે. આ ચિત્રો તીર્થંકરોનાં છે. આ સિવાય બારેક પ્રતો સામાન્ય ચિત્રોવાળી છે. કલ્પસૂત્ર અને કલિકાચાર્યની કથાની પ્રતો સામાન્ય રીતે સચિત્ર હોય છે. ૧૨૯૪ માં ઉતારેલી તાડપત્ર ઉપરની નકલમાં હેમાચાર્ય અને કુમારપાલનાં ચિત્રો છે. આ ચિત્રો શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનાં હેરલ્ડ માસિકના ઇતિહાસ–સાહિત્યના ખાસ અંકમાં પ્રસિદ્ધ થયાં છે. એક પુસ્તકમાં હેમાચાર્યના વ્યાકરણની રચના અને પ્રસાર સંબંધેની વિગત આપતાં ચિત્રો છે.

**કપડાંનાં પાનાંપર લખાયલાં પુસ્તકો:**—પાટણના ભંડારોમાં કપડાંપર લખાયલાં બે પુસ્તકો છે. એક સં. ૧૪૧૮ માં લખેલું ૨૫×૫ ઇંચનાં કદવાળાં ૯૨ પૃષ્ઠનું છે. તે સારી રીતે રાખવામાં આવ્યું છે; અને તેના ઉપર અક્ષરો ઘણા સ્પષ્ટ છે. સામાન્ય ખાદીના કપડાના બે કટકા ભેગા ચોટાડીને પૃષ્ટો કરવામાં આવ્યાં છે. હમણાં પણ ભાગ્યે જ મળી આવે તેવાં પુસ્તકોની નકલ માટે કપડાનાં પાનાં પસંદ કરવામાં આવે છે. વડોદરાના જૈન ભંડારની અંદર જયપ્રાભૃતની નકલ ડ્રેસીંગક્લોથ ઉપર કરવામાં આવી છે.

**કાગળ ઉપર લખેલાં પુસ્તકો**—આ ભંડારોમાં કાગળ ઉપર લખેલાં પુસ્તકોનો સંગ્રહ બધાં થઇ બાર હજાર કરતાં વધુ છે. સંઘવીના પાડાના ભંડા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમાં કાગળ ઉપરનાં પુસ્તકો તાડપત્રનાં પુસ્તકો જેવાં જ કાપેલાં પાના ઉપર છે. એમ કહેવામાં આવે છે કે ગુજરાતમાં પહેલ વહેલો કાગળોનો પ્રવેશ કુમારપાલના વખતમાં થયો. પરન્તુ તે સમયમાં એટલે તેરમા સૈકામાં લખાયલાં કાગળ ઉપરનાં પુસ્તકો આ ભંડારોમાં નથી. જૂનામાં જૂના કાગળ ઉપર નકલ કરાયલાં પુસ્તકો સંવત ૧૩૫૬–૫૭ નાં મળી આવે છે. કાગળ ઉપર લખાયલાં પુસ્તકોમાં ચિત્રો સોનેરી રંગથી ચીતરવામાં આવતાં તેવાં ચિત્રવાળાં છએક પુસ્તકો મળી આવે છે.

## બધા ભંડારોને એક સારા મકાનમાં વ્યવસ્થિત રાખવાની જરૂર.

પૂરી સંભાળની ખામીને લીધે તેમ જ એક તાબામાંથી બીજા તાબામાં જવાને લીધે તાડપત્ર ઉપર લખેલાં પુસ્તકો ઉપર ખરાબ અસર થઇ છે. પરંતુ કહેવું જોઇએ કે સામાન્ય રીતે તેને લખાયે ઘણો વખત થયો હોવા છતાં ઘણી સારી રીતે સંભાળીને રાખવામાં આવ્યાં છે. કેટલાક ઉપર શાહી ઝાંખી થઇ છે છતાં એકે તાડપત્રની નકલ ઉધઇથી ખવાઇ ગઇ નથી. પુસ્તકોમાં ઘોડાવજની પોટલીઓ રાખવામાં આવે છે તેથી જંતુઓથી તેમને રક્ષણ મળે છે. કેટલાક તાડપત્રોનાં પુસ્તકો એવાં છે કે તેને યોગ્ય રીતે જાળવી રાખવામાં આવે તો હજી બીજાં પાંચસો વર્ષ સુધી ટકી શકે તેવાં છે. હાલના ભંડારો ઉપાશ્રયમાં અથવા તો સામાન્ય ઘરોમાં ગલી કુંચીઓમાં છુપાવી રાખ્યા હોય તેવા છે અને ખાસ દેખાડવામાં ન આવે તો કોઇને જડે પણ નહી. મકાનો પણ પૂરતાં હવા અજવાળા વાળાં નથી. તો અભ્યાસીને બેસવાની સવડ તો ક્યાંથી જ હોય. પાટણમાં જુદા જુદા લતામાં આવેલા ભંડારોનાં પુસ્તકોનાં પાનાની વ્યવસ્થા થઇ છે, તે સાથે જ ગ્રંથનું નામ, પાના સંખ્યા, કર્તા, લખ્યા તારીખ, વિષય, ગ્રંથની સ્થિતિ વગેરે હકીકત સાથેની એક ટીપ ( કેટલોગ ) પણ તૈયાર છે અને તે છપાઇને થોડા વખતમાં ગાયકવાડ ઓરીએન્ટલ ઇન્સ્ટિટયુટ તરફથી બહાર પડશે. હાલના બધા ભંડારનાં પુસ્તકો એક સારા મકાનમાં પુસ્તકાલયોની પુસ્તકો ગોઠવવાની રીત પ્રમાણે વ્યવસ્થિત ગોઠવવાં જોઇએ. આજથી પંદરેક વર્ષ ઉપર આજ કામ સારૂ એક ભવ્ય જ્ઞાનમંદિર બંધાવાનું હતું પણ હજુ બંધાયું નથી. પાટણના દાનશીલ લક્ષ્મી પુત્રો જરૂર એક ખાસ નમુનેદાર સરસ જ્ઞાનમંદિર બંધાવી આ હસ્તલિખિત ઐતિહાસિક પુરાવાનાં અમૂલ્ય સાધનોને જોઇતું સંરક્ષણ બક્ષી વિદ્વાનો તેનો સરળતાથી ઉપયોગ કરી શકે તેમ કરશે.

**મગનભાઇ ભા. અમીન.**

આ લેખ વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરીના માજી સંસ્કૃત લાઇબ્રેરીયન સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. ના નિવેદનના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ.

જગત્‌માં તમામ સંપ્રદાયો, જ્ઞાતિઓ, સમૂહો, કોઇને કોઇ પણ જાતનો ધર્મ પાળતા જોવામાં આવે છે, એટલે ધર્મની મહત્ત્વતાનો સમસ્ત જગત્ સ્વીકાર કરે છે તે નિર્વિવાદ અને નિઃશંક છે.

સમસ્ત જગત્‌માં ધર્મ જ એક એવી મહાન્ વસ્તુ છે કે જેનું નાનાથી મોટા, રાય કે રંક, સર્વ કોઇ, કોઇને કોઇ રૂપમાં પાળતા દ્રષ્ટિગોચર થાય છે, તેનું કારણ તે જ છે કે આ જીવ અનાદિકાળથી અનંત જીવનો કરતો કરતો ઉંચ શ્રેણી ઉપર ચડતો ચડતો મહત્ પુણ્યના પ્રભાવે માનવધર્મ પામેલો છે; અને ધર્મ તે એક જ એવી વસ્તુ છે કે જે માનવદેહનું સાર્થક કરે છે.

આમુષ્મિક દુનિયામાં મનુષ્યને ઉન્નતિની શ્રેણીમાં અગ્રપદે જો કોઇ પણ મૂકનાર હોય તો તે ધર્મ જ છે, અને તે જ મોક્ષનો પ્રદાતા છે. "ધર્મના ગર્ભમાં-મૂળમાં તે જ અંતિમ ઉદાત્ત આશય સમાયેલો છે, પરંતુ અત્યારે આપણે વાસ્તવિક રીતે જોઇશું તો માલમ પડશે કે સત્ય ધર્મનું પાલન કરતા ઘણા થોડા ધર્મ જોવામાં આવે છે. ધર્મને નામે મિથ્યાત્વ પણ ઘણું પ્રસરતું જોવામાં આવે છે. સત્ય વસ્તુનું પાન કરાવનાર કોઇ વિરલ વ્યક્તિ માલુમ પડે છે. બાકી તો ઉદર-પોષણાને અર્થે કે કોઇ પણ જાતની સાંસારિક વૃત્તિઓના પોષણાર્થે કેટલાક કુધર્મીઓ કુધર્મની ઉદ્‌ઘોષણા કરતા આપણે નિહાળીએ છીએ. તેમજ ધર્મના બ્હાને પ્રપંચજાળ બીછાવનારા કે પોતાનો કક્કો ખરો કરવાની ખાતર જાણે **अहं ब्रह्मास्मि** ની પેઠે કેટલાક પાખંડીઓએ-ધૂર્ત પુરૂષોએ નવા નવા પંથો કાઢેલા છે.

આ સંબંધી જૈનોના એક અબધૂત, અલખયોગી, પ્રખરવિદ્વાન્, મહાત્મા આનંદઘનજીના શબ્દો સાંપ્રતકાળે દુનિયાના ધર્મનું વાતાવરણ જોતાં સ્મરણ-પટપર તરી આવે છે.

> ગચ્છના ભેદ બહુ નયણુ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
> ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા, મોહ નડીઆ કલીકાલ રાજે.

આ મુજબ જગત્‌માં કેટલાક ઉદરભરણપોષી ધર્મના નેતાઓ સ્વતંત્ર સંપ્રદાયો કાઢી જગત્‌ના જીવોને સત્ય પંથના માર્ગથી દૂર કરી પોતે ભવકૂપમાં પડે છે ને બીજાને પાડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયાનો બાંધેલ પ્રાણી કદી માયા તજાવી શકતો નથી. દરેક બંધુઓએ પોતાના આત્માના હિતાર્થે સત્યધર્મનું સ્વરૂપ સમજવું જોઇએ. એક ચીજ ખરીદવામાં જેટલી કાળજી રાખીએ છીએ તેના કરતાં એક લાખગણી કાળજી રાખી સત્યધર્મનું શોધન કરતાં શીખવું જોઇએ; કારણ કે મનુષ્યદેહની સાર્થકતા તેમાંજ સમાયેલી છે. જે ધર્મ આત્મકલ્યાણ કરતો નથી, જે ધર્મ મોક્ષમાર્ગ બતાવતો નથી, ભવાટવીમાં ભમાવનાર રસ્તાઓનું જે નિર્મૂલન કરતો નથી, જે ધર્મ ઉત્ક્રાન્તિની પરાકાષ્ટાએ પહોંચાડતો નથી; અખંડ શાંતિનું સામ્રાજ્ય સ્થાપતો નથી, જે મૈત્રી ભાવનાનો પ્રકાશ કરતો નથી અને જે સત્યમાર્ગનું અવલંબન કરાવતો નથી, તે ધર્મ નથી પણ ચોકખો અધર્મ છે.

ધર્મ શબ્દનો ભાવાર્થ એવો છે કે—જે મનુષ્યને પડતી ગતિમાંથી બચાવી જીવનનો ઉદ્ધાર કરનાર છે. તેના શબ્દનો નાદ થતાંની સાથે જ તેમાં હિતની બાબતોનો સમાવેશ થઈ શકે છે. " ધર્મમાં વાદ નથી, વિવાદ નથી " કલેશ–કંકાસ કે કદાગ્રહને સ્થાન નથી, ઝેર–વેર અને વિરોધોનો વધારનારો નથી, પરંતુ તેનો નાશક છે. જગતના સર્વ જીવો પ્રતિ " **वसुधैव कुटुम्बकम्** " સમસ્ત જગત તે કુટુમ્બરૂપ છે એવી વિશ્વભાવનાનો પ્રેરક છે, તે પક્ષપાત કે સ્વાર્થબુદ્ધિથી પર છે અને પરમાર્થનો સદા વાહક છે, માટે જેઓ ધર્મના નામે લડાઇઓ લડે છે, વૈર–વિરોધ વધારે છે, હઠ–કદાગ્રહને સેવે છે તેઓ ધર્મના બ્હાના નીચે અધર્મ કરે છે. પછી તો ચહાય તો તે હિંદુ હો, મુસ્લીમ હો, ક્રિશ્ચીયન હો, યાહુદી હો, ફાવે તે હો, પરંતુ તે ધર્મના નામનું ગૌરવ વધારવાને બદલે ધર્મને હીણપ કરે છે અને ધર્મના નામને એબ લગાડે છે.

" ધર્મમાં જ્ઞાતિ નથી, નાના મોટાનો ભેદ નથી, ક્રોધ નથી, માન નથી, માયા નથી, લોભ નથી, " તે સર્વ પાશવવૃત્તિનો પ્રલય કર્ત્તા છે તે તો માત્ર જગત્ પ્રતિ મૈત્રી ભાવનાનું આહ્વાહન કરે છે.

જૈનોના ૧૪૪૪ ગ્રંથના કર્તા મહાન ધુરંધર, પ્રખર વિદ્વાન, સુવિહિત આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરિજી મહારાજ એક સ્થળે કથે છે કે—

**सेयंवरो आसंवरोवा बुद्धो वा अहव अन्नोवा ।**
**समभाव भावि अप्पा लहेइ मुक्खं न संदेहो ॥**

આ ઉપરથી પણ જોઇ શકાશે કે ફાવે તે જ્ઞાતિ સમૂહની ફાવે તે વ્યક્તિ હોય પરંતુ જ્યાંસુધી તેનામાં જગત્ પ્રતિશામ્ય ભાવનાનો પાદુર્ભાવ થયો નથી તે મોક્ષ જઇ શકતો જ નથી; તો પછી ધર્મમાં કલેશ, કંકાસ કે કદાગ્રહને કે વૈર વિરોધને સ્થાન જ ક્યાં રહ્યું, માટે ખરા ધર્મના ઉપાસકે યથાર્થ ધર્મ અંગીકાર કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધર્મ-બુદ્ધિથી ધર્માંધપણું છોડી દેવું જોઇએ અને સત્ય ધર્મનો સ્વીકાર કરવો જોઇએ.

મુમુક્ષુઓએ આ સંસારની મોહમયી વસ્તુઓનો—પરિત્યાગ કરવો જોઇએ અને રાગ, દ્વેષ, ઝેર, વેર, અસુયા, અદેખાઇ વિગેરેને તિલાંજલી આપવી જોઇએ તે વિના સત્ય ધર્મના સન્મુખ કદીપણ થઇ શકાશે નહિ. ધર્મ એ સદા સંપૂર્ણ શાંતિ પ્રદાતા છે, તેમાં અશાંતિને સ્થાન નથી.

ખરાધર્મના વાહકે સંસારનું સુક્ષ્મ સ્વરૂપ વિચારવું જોઇએ. જગતમાત્ર જે નામને રૂપથી ગ્રસ્ત છે અને ધર્મ તે નામ અને રૂપની અનિત્યતાનું ભાન કરાવે છે, તે નામને રૂપનો સદા નાશ રહેલો છે. તે ધર્મ જ શીખવે છે અને તે જગતની પ્રપંચ જાળનો-મોહમયી સૃષ્ટિના નામને રૂપનો મોહ તજી આત્મધર્મને ઓળખવો અને તેની જ રમણતામાં નિમગ્ન થવું જોઇએ તેજ ખરો ધર્મને સર્વોત્તમ માર્ગ છે. જગતની સઘળી નશ્વર દૃશ્ય ચીજોમાં ન મુઝાતા હંમેશા સત્ય-ધર્મનું પાલન કરવું એજ હિતાવહને કલ્યાણકારી છે. બાકી ધર્મના નામે સંસાર વધારવાની વાતો કરવી, વૈરવિરોધને-લડાઇઓ કરવી, એક બીજા તરફ ઘુરકીઆં કરવાં, વૈર દૃષ્ટિનું સામ્રાજ્ય જમાવવું તે સઘળું અધર્મ છે તે સત્ય ધર્મ નથી. માટે મુમુક્ષુઓએ કલેશની પરંપરાને તજી દઇ અરસપરસ ઐકય સાધી સત્યધર્મના આચરણને માટે આત્મ નિરીક્ષણા કરતાં શીખવું જોઇએ તેજ સાચો ધર્મ છે સુજ્ઞેષુ ઇત્યલમ્

લી૦ **શ્રમણોપાસક.**

# આત્મવિશ્વાસ.

**વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.**

( ફાગણ માસના અંક પૃષ્ઠ ૨૧૮ થી શરૂ. )

એવા મહાન્ આત્માઓના પ્રતાપેજ આજે આપણે અનેકવિધ આરામ ભોગવી રહ્યા છીએ. તકલીફ વગર થોડા કલાકમાં સેંકડો ગાઉની મુસાફરી કરીએ છીએ, આપણા ઇષ્ટ મિત્રોને થોડી મિનિટમાં સુખ દુઃખના સંદેશા મોકલી શકીએ છીયે, તે મહાન આત્માયોના માર્ગમાં વિપત્તિના પર્વતો આવ્યા હશે, પરંતુ તે સર્વને તેઓએ વીરતા પૂર્વક તોડી નાખી પોતાનો માર્ગ સરલ બનાવી કાર્ય સાધ્યું છે. તેઓને નિરૂત્સાહ કરવામાં, તેઓના માર્ગથી ચલિત કરવામાં લોકોએ કશી વાતની ખામી નથી રાખી, પરંતુ તેઓએ કોઇ પણ વાત ઉપર લક્ષ આપ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. તેઓએ તો પોતાને માર્ગે જ આગળ ધપાવ્યે રાખ્યું અને કોઇની સહાયતા કે સહાનુભૂતિ વગર તેઓએ એવાં એવાં અદ્ભુત કાર્યો કર્યાં કે જે જોઇને દુનિયા દંગ બની ગઇ.

જ્યારે વિશ્વાસનું પ્રાધાન્ય હોય છે ત્યારે દરેક કાર્ય સારૂં થાય છે. વિશ્વાસ જ આપણને એ માર્ગ બતાવે છે કે જે આપણને ધારેલે સ્થળે પહોંચાડી દે છે. વિશ્વાસ એજ કાર્યનું બળ છે, તેને લઇને જ આપણે મોટા કાર્ય હાથમાં લેતાં નથી અચકાતા, કેમકે આપણી અંદર એ શકિતનો એક એવો ઝરો રહેલો છે કે જે દ્વારા બધાં કાર્ય થઈ શકે છે.

આજ સુધીમાં કોઈ મનુષ્ય વિશ્વાસનાં તત્વને બરાબર સમજી નથી શકયો. એવી કયી વસ્તુ છે કે જે મનુષ્યને પોતાનાં કાર્યનાં દ્દઢતા પૂર્વક જોડી રાખે છે? એવી કયી વસ્તુ છે કે જેને લઇને મનુષ્ય નિરાશામય અંધકારમાં રહેવા છતાં પણ આશાનો પ્રકાશ જોયા કરે છે? એવી કયી વસ્તુ છે કે જે મનુષ્યને વિપત્તિ સહન કરવાનું ધૈર્ય આપે છે? એવી કયી વસ્તુ છે કે જે દુઃખમાં પણ મનુષ્યને આનન્દનું સુખસ્વપ્ન દેખાડે છે? એવી કયી વસ્તુ છે કે જે દરિદ્રતાના પંજામાં ફસાયલા મનુષ્યને આશ્વાસન આપી રહેલ છે? એવી કયી વસ્તુ છે કે જ્યારે મનુષ્યની પાસે એક પાઈ પણ નથી હોતી અને તેના ઇષ્ટ મિત્રો પણ વિમુખ થઈ જાય છે ત્યારે તેનાં હૃદયને છિન્ન ભિન્ન થઈ જતું બચાવે છે? એવી કયી વસ્તુ છે, કે જે હજારો મુશ્કેલીઓ આવે તોપણ ધીરતા પૂર્વક ઉભા રહેવાનું માણસને બળ આપે છે? જેઓ દુનિયામાં સર્વ કાંઇ ખોઇ બેઠા છે, પરંતુ હું અમુક કાર્ય જરૂર પૂર્ણ કરીશ એવા વિશ્વાસને મજબુતીથી વળગી રહ્યા છે તે વીર પુરૂષો તરફ જોઇને દુનિયા દંગ થઇ રહી છે.

વિશ્વાસ જ એવી વસ્તુ છે કે જે આપણને જોરથી કહે છે કે તમે તમારા કાર્યતરફ પગ ઉપાડો. એજ આપણી આત્મ-ઇન્દ્રિય છે, એજ આપણી આધ્યાત્મિક અંતર્દૃષ્ટિ છે, એજ આપણને માર્ગદર્શક થઇ પડે છે, એજ આપણી મુશ્કેલીઓ ઉપર જય મેળવીને આપણો માર્ગ સાફ કરે છે, દુનિયામાં જે જે આવિષ્કારો થયા છે, નવી નવી બાબતો નીકળી છે, અદ્ભુત કાર્યો થયા છે તે સઘળા વિશ્વાસના જ ફળ છે.

જે નવયુવકનાં હૃદયમાં વિશ્વાસે જડ ઘાલી છે તેને ભવિષ્યની લેશપણ ચિંતા નથી હોતી. આત્મવિશ્વાસમાં એટલી તાકાત રહેલી છે કે જેનાથી તે હજારો વિપત્તિઓની સામે થઇને તેના પર વિજય પ્રાપ્ત કરી શકે છે. એજ ગરીબનો મિત્ર છે અને એજ તેની સૌથી શ્રેષ્ઠ દોલત છે. આપણે ઘણી વખત જોઇએ છીએ કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરીબ પણ આત્મવિશ્વાસી મનુષ્યો દુનિયામાં અદ્દભુત કાર્યો કરે છે, જ્યારે ઘણોજ પૈસાદાર મનુષ્ય વિશ્વાસ-હીનતાને લઇને કંઇ જ કરી શકતો નથી. જો આપણામાં એવો વિશ્વાસ હોય કે હું મોટા મોટા કાર્યો કરી શકીશ, દુનિયાને ફેરવી નાખીશ તો આપણે ઘણું કરી શકશું. જો આપણને એવો વિશ્વાસ હોય કે મારામાં એક દૈવી તત્વ રહેલું છે, મારામાં કોઇપણ પ્રકારનું હલકું તત્વ નથી રહ્યું, મારામાં પૂર્ણતા જ રહેલી છે તો આપણા હાથે દુનિયાના મોટા મોટા કાર્યો થઇ શકશે.

મનુષ્યની નસેનસમાં દૈવી લોહી વહી રહ્યું છે, તે દૈવી સંપત્તિનો ઉત્તરાધિકારી છે. તો પછી તેણે પોતાના એ જન્મસિદ્ધ અધિકાર ઉપર ધૈર્ય તેમજ વિશ્વાસપૂર્વક શામાટે દાવો ન કરવો જોઇએ.

પરંતુ વાત એમ છે કે આપણે લોકો આપણા સદ્દગુણો બરાબર ધ્યાનમાં નથી રાખતા અને એને લઇને આપણે તેનો યોગ્ય વિકાસ નથી કરી શકતા. એથી જ દૈવીભાવ આપણા ચ્હેરા ઉપર ઝળકતો નથી.

આપણે જોઇએ છીએ કે ઘણા મનુષ્યો હમેશાં ગરીબ જ રહે છે, સમાજમાં સન્માન પ્રાપ્ત નથી કરી શકતા; એનું કારણ એ છે કે તેઓ પોતાની જાતને દીનહીન સમજે છે. તેઓને પોતાના આત્મામાં રહેલા સદ્દગુણોની ખબર જ નથી હોતી. આપણે આપણા દેશની નીચ જાતિઓ ઉપર દ્રષ્ટિ નાખશું તો આપણને પ્રતીતિ થશે કે હજારો વર્ષોથી હલકા વાતાવરણમાં રહેવાને લઇને તેઓ તદ્દન ભૂલી ગયા છે કે અમે પણ મનુષ્ય છીએ, અમારામાં પણ એજ દિવ્ય ગુણ રહેલો છે જે બીજા લોકોમાં રહેલો છે, બીજા મનુષ્યો જેવી અમારામાં પણ શકિત છે જેનાથી તેઓ દુનિયાના મોટા મોટા કાર્યો કરી શકે છે. અમે પણ મનુષ્ય હોવાને કારણે જે અધિકાર બીજા ભોગવે છે તેજ અધિકાર ને લાયક છીયે તથા જે આત્મ-ગૌરવ-આત્મ-સન્માન બીજા મનુષ્યોમાં છે તે અમારામાં પણ છે. તેઓ તો એમ જ સમજે છે કે આપણે જન્મથી જ દીન હીન છીએ, આપણે નીચ યોનિમા જન્મ્યા છીએ; પરંતુ તેઓ એટલું નથી જાણતા કે આત્મિક દષ્ટિએ મનુષ્ય માત્ર સરખા છે, મનુષ્ય જેવા કર્મ કરે છે તેવો જ તે બને છે. પ્રત્યેક મનુષ્યને સારા કર્મ કરીને ઉચ્ચ સ્થિતિએ જવાનો અધિકાર છે. પરંતુ એ બીચારા તો હજારો વર્ષોથી અત્યાચાર સહન કરે છે અને તેથી મનુષ્યોચિત અધિકારો ભૂલી ગયા છે. તેઓ તો પોતાના હલકા જન્મનો દોષ કાઢી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન જ નથી કરતા અને તેથી જ હંમેશાં હીન દશામાં સડયા કરે છે. અત્યારે કેટલેક સ્થળે અનેક ઢેઢ, ભંગી લોકો કે જેઓને પશુથી પણ અધમ ગણવામાં આવતા હતા તેઓ શિક્ષિત બનીને પોતાનું આત્મ-ગૌરવ સમજવા લાગ્યા છે. તેઓને હવે પ્રતીતિ થવા લાગી છે કે આપણને પણ ઉચ્ચ સ્થિતિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવવાનો દરેક સ્થિતિમાં હક્ક છે. તેથી તેઓ આજકાલ મોટા હોદ્દાપર કામ કરી રહ્યા છે. તેઓ પોતાની જાતને નીચ માનવાનું ભૂલી ગયા છે. એમાંના કેટલાય લોકોએ પોતાની અદ્ભૂત પ્રતિભાનો પરિચય કરાવી બતાવી આપ્યું છે કે બુદ્ધિ-પ્રતિભા જેમ બ્રાહ્મણાદિ ઉચ્ચ જાતિના મનુષ્યોનાં વિકસિત થાય છે તેમ અમારામાં પણ થાય છે. હવે તો એ સમય હાથ-વેંતમાં જ છે કે જ્યારે પોતાની જાતને દીન હીન માનનાર અત્યાચાર પીડિત મનુષ્યોનો અલૌકિક પ્રકાશ આખું જગત્ આશ્ચર્યમુગ્ધ દૃષ્ટિથી જોશે અને તેમના પર પોતે ગુજારેલા અત્યાર માટે પશ્ચાતાપ કરશે.

આપણે માનીએ કે ન માનીએ, પરંતુ એટલું તો સાવ સાચું કે આપણા આત્મવિશ્વાસથી આપણે વધારે પ્રબળ નથી બની શકતા. જેવો આપણો આત્મ-વિશ્વાસ હશે તેનાથી ચઢીયાતું કાર્ય આપણે નહિ કરી શકીએ.

જો આપણે આપણા આત્મવિશ્વાસને દૃઢ કરતા રહીએ, જો આપણે એમ માનીએ કે આપણામાં ઉંચા પ્રકારની શકિત અને યોગ્યતા રહેલા છે તો તેનાથી આપણી માનસિક શકિતઓ ઉપર અત્યંત ઉદાર તથા દિવ્ય પ્રભાવ પડશે; પરંતુ મનુષ્યોમાં કોઇપણ મોટી ખામી હોય તો આ આત્મવિશ્વાસની જ છે.

ઘણા મનુષ્યો એવા જોવામાં આવે છે કે જેઓમાં બીજી શકિતઓ ખૂબ ખીલેલી હોય છે, પણ આત્મવિશ્વાસની મોટી ખામી હોય છે. જે અનેક મનુષ્યો પોતાનાં કાર્યમાં અસફલ બની રહ્યા છે તેઓ જો પોતાની આત્મવિશ્વાસની શકિતને યોગ્ય રીતે સંસ્કૃત અને પ્રબળ કરે તો ફરી સફલતા પ્રાપ્ત કરી શકે છે.

કોઈ ડરપોક, શંકાશીલ મનુષ્યના પ્રસંગમાં આવવાનું બને તો આપણે તો તેને એમ જ શીખામણ આપવી કે ભાઇ, તમે તમારા આત્મામાં વિશ્વાસ રાખતાં શીખો. તમારામાં એવી શક્તિ રહેલી છે કે જે વડે દુનિયામાં મોટાં મોટાં કાર્યો કરી શકાય છે. તમારામાં એવી લાયકાત રહેલી છે કે જે વડે સમાજમાં તમે તમારૂં વજન ઉત્પન્ન કરી શકો છો. ” આપણે તેમાં આત્મવિશ્વાસને આ રીતે પુષ્ટ કરતા રહેશું તો આપણને જણાવા લાગશે કે તેનું સાહસ કેટલા બધા વેગથી વધી રહ્યું છે તેથીજ તેવી માનસિક શક્તિઓમાં કેવી રીતે વિશાલતા આવી ગઇ છે.

જેવા આપણે આપણી જાતને માનશું તેવો જ આદર્શ આપણા આત્માનો બનશે. એવું કદી પણ નથી બનતું કે આપણે આપણી જાતને માનતા હોઇએ એ કરતાં આપણે વધારે બની જઇએ. કદાચ કોઇ પ્રતિભાશાળી મનુષ્ય એમ માનવા લાગે કે હું અતિ ક્ષુદ્ર છું, મારામાં કશો માલ નથી તો તેની ગતિ પણ નીચતા-ક્ષુદ્રતા તરફ થવા લાગશે અને જ્યાંસુધી તે પોતાની જાતને વજનદાર નહિ ગણવા લાગે, જ્યાંસુધી તે પોતાની જાતને મોટો માનવા નહિ લાગે ત્યાંસુધી તે નીચે ને નીચે ઉતરતો જશે. મનુષ્યની પોતાની યોગ્યતા ગમે તેટલી વધારે હોય તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ફલ તો જેટલી યોગ્યતા તે પોતાની માનતો હોય છે તેટલા પુરતું જ મળશે. જેનામાં આત્મવિશ્વાસ નથી હોતો એવા બળબુદ્ધિ સંપન્ન મનુષ્ય કરતાં અલ્પબુદ્ધિવાળો આત્મ વિશ્વાસી મનુષ્ય ઘણું વધારે કાર્ય કરી શકે છે.

આપણે આપણા આત્મ–મહત્વને વધારતા રહીએ, આપણે માનતા રહીએ કે સંસારમાં મારૂં પણ કંઇક મહત્વ છે એ સિવાય બીજો કોઇ પણ ઉપાય હીન–ક્ષુદ્ર પ્રકૃતિથી રક્ષણ પામવાનો મારી નજરમાં નથી આવતો. એનાથી આપણા આત્માની સઘળી શક્તિઓ સંગઠિત બનીને આપણો આદર્શ પૂર્ણ કરવામાં લાગી જશે, કેમકે આપણા જીવનનો એક નિયમ છે કે તે આપણા ઉદ્દેશનું અનુકરણ કરે છે.

આપણે પોતાનો તથા દૈવી સંભાવનાઓનો ઉન્નતિશીલ અને અત્યુચ્ચ આદર્શ ખડો કરવો અને એ આદર્શની સિદ્ધિને અર્થે તનતોડ મહેનત કરવી એટલે જરૂર આપણને સફળતા મળવાની.

આપણી માનસિક શક્તિઓ ગમે તેટલી પ્રબળ હોય, પણ તેનું સંચાલન આત્મ–વિશ્વાસદ્વારા ન કરાવવામાં આવે તો તેનો કશો ઉપયોગ જ નથી. માનસિક શક્તિઓ ઉપર આત્મવિશ્વાસનો બહુ ઉંડો પ્રભાવ પડે છે. દુનિયામાં આત્મવિશ્વાસ જેવો બીજો એક પણ પદાર્થ નથી કે જે મનુષ્યને ઉચ્ચ સ્થાને મુકે અને જે મનુષ્યોનું હીન પ્રકૃતિથી રક્ષણ કરે. પ્રાનુષી સભ્યતામાં આત્મવિશ્વાસને બહુ જ ઉંચા પ્રકારની શક્તિ ગણવામાં આવે છે. માનુષી કાર્યોમાં એ શક્તિની ગણના સૌથી પ્રથમ કરવામાં આવી છે, વધારે શું કહેવું ? એ દિવ્ય શક્તિદ્વારા મનુષ્યો જગદાત્માના ઐક્યનો સુખાનુભવ કરી શકે છે. આત્મવિશ્વાસ આપણી બીજી શક્તિઓને પણ મહાન્ પ્રોત્સાહન આપ્યા કરે છે. આત્મવિશ્વાસનું જેટલું વધારે પ્રમાણ આપણામાં હશે તેટલા આપણે અનંત જીવન તેમજ અનંત શક્તિની શકિતની નજીક પહોંચશું. (ચાલુ)

## વર્તમાન સમાચાર.

### (શ્રી મેત્રાણાજીના મેળા ઉપર મુનિ મહારાજશ્રી હંસવિજયજીનું આગમન) અને મેત્રાણા તીર્થનું સંક્ષિપ્ત વૃતાંત.

ચૈતર સુદિ ૧ ના દિવસે મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી સંપત્તવિજયજી મહારાજ આદિ મુનિવરો પાટણથી વિહાર કરી સુજનીપુર થઇને શ્રી ચારૂપ પધાર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા. ચારૂપના શિખરબંધ દેવલમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની શામમૂર્ત્તિ ઘણી પ્રાચીન અને દર્શનીય છે. તે મૂર્તિને કાંતિ નગરી નિવાસી ધનેશ નામનો વહાણવટીયો શ્રાવક લાવ્યો હતો અને તેને દરિયાના દેવે ખુશી થઇ આપી હતી; જ્યારથી આ પ્રતિમા ચારૂપમાં બીરાજમાન થઇ ત્યારથી મહાન્ તીર્થ તરીકે આ નગર પ્રખ્યાતી પામ્યું હતું. સિદ્ધરાજ રાજાના વખતમાં વીરસૂરિ નામના જૈનાચાર્ય ચારૂપ પધાર્યા ત્યારે તેમનો પરીચય કરી સિદ્ધરાજે તેમની પ્રશંસા કરી હતી. અહીં માંડવગઢ નિવાસી પેથડશા શેઠ શાંતિનાથજીનું દેરૂં પણ કરાવ્યું હતું તે આજે નામશેષ થઇ ગયું છે. અહીની યાત્રા કરી મહારાજશ્રી વડુગામ લાખણોજ કલાણા કુંવારાગામ થઇને શ્રી મેત્રાણા ચૈતર સુદિ ૧૧ ના દિવસે પધાર્યા હતા. ચૈતર સુદિ ૧૩ ના દિવસે શ્રીવીરજયંતી હોવાથી આંગી રોશની દ્વારા પ્રભુ ભક્તિ થઇ હતી અહીં શ્રી રૂષભદેવ સ્વામીનું ભવ્ય શિખરબંધ મોટા તીર્થરૂપ દેરાસર છે. તેની આગલી બાજુએ શણગાર ચોકીનો એક પાટડો નમેલો તેથી એક તોરણ જેવી પથ્થરની મજબુત કમાન ચઢાવવી પડી છે. તેવી રંગમંડપમાં ૧૧ કમાનો ચઢાવવાની જરૂર છે. નહિ તો મોટું દેરાસર ધારતીમાં આવી પડે તેવી શંકા છે, તેની સાથે થાંભલીઓને લગતી પુતળીયોનું કામ પણ અધુરૂં રહી ગયું છે તે કરાવવાની કોઇ સદ્‌ગૃહસ્થને ઇચ્છા હોય તો લાભ લેવા યોગ્ય છે. આ દેવલમાં મૂલ નાયક શ્રી આદીશ્વર ભગવાનની પ્રાચીન મૂર્ત્તિ બીરાજે છે, બીજી ત્રણ મૂર્ત્તિયો આજુબાજુ અને મૂલનાયકજીની પલાંઠી પાસે સ્થાપન કરેલી છે. આ ચારે મૂર્ત્તિયો સંવત ૧૮૯૯ ની સાલમાં મેત્રાણાના સુથારના ઘરમાં લુહારની કોડમાંથી સ્વપ્નુ આપીને પ્રગટ થઇ હતી. તે વખતે હજારો યાત્રિ અત્રે આવતા હતા અને પાલણપુર વિગેરે ગામોથી તો કેટલાક પુનમીયા દર પુનમે યાત્રા કરવા આવતા હતા. શ્રી ભોયણી અને પાનસરની જાત્રા જામવાથી તથા અત્રેનું સ્ટેશન કાંકોસી થોડું દૂર અને એકજ ટાઇમ રાત્રે આવવાથી યાત્રુ હવે થોડા આવે છે. પરંતુ ચઇત્રી–કાર્તકીનો મેળો અને વર્ષગાંઠ ઉપર સારો જમાવ થાય છે. આ દેરાની ભમતીમાં જમણે પાસે શ્રી કુંથુનાથજીનું શિખરબંધ દેરૂં છે. પાછલે પાસે શ્રી શાંતિનાથનું અને ડાબે પાસે શ્રી પાર્શ્વનાથનું તેવું જ દેરાસર છે આ ચાર દેરાંથી એક સુંદર મોટા તીર્થની ટુંક જેવો દેખાવ થયેલો છે. આજુ બાજુ ચારે તરફ મોટી ધર્મશાલા અને કારખાનું આવેલું છે. પંન્યાસ પદવી માટે શ્રી પાટણ પાલણપુરની વિનંતિ છતાં આ પવિત્ર સ્થાનમાં ચૈત્ર વદિ ૫ ના દિવસે મહારાજશ્રીના અધ્યક્ષપણા નીચે પંન્યાસ શ્રીસંપતવિજયજીએ શ્રીમદ્ વિજયકમલ સૂરીશ્વરના શિષ્ય ગણી શ્રીનેમવિજયજીને પંન્યાસ પદવી ચતુર્વિધ સંઘ સાથે અર્પણ કરી છે. ત્યાંથી મહારાજશ્રી પાલણપુરના નગરશેઠ ચીમનભાઇ વગેરે આગેવાન સદ્‌ગૃહસ્થો ખાસ વિનંતી કરવા આવી પહોંચ્યા હતા તેમની વિનંતીને માન આપી મહારાજશ્રી ત્યાં પધારવાના છે.

---

## પૂનામાં થયેલ જૈન સંઘમાં સંપ.

મહાપુરૂષોના પવિત્ર પગલાંથી, ઉપદેશથી, અને આવાગમનથી સમાજને કોઇપણ પ્રકારે લાભ જ થાય. જાણવામાં આવ્યું છે કે આચાર્યશ્રી **વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ** પૂના કાંપમાં મુંબઇથી વિહાર કરી પધાર્યા છે. તેઓશ્રીનું સ્વાગત ઘણા ઠાઠમાઠ સાથે થવાનું હતું. પરંતુ હાલમાં આખા દેશમાં જ્યાં અસહકાર તેમજ અશાંતિ અને દેશનેતાઓ જેલમાં બિરાજી રહેલા છે, તેવા સમયનો વિચાર કરી આચાર્ય મહારાજની ઇચ્છા અને પુનાના શ્રી સંઘના સમયજ્ઞપણાને લઇને સાદી રીતે શહેર પ્રવેશ મહારાજશ્રીએ કર્યો છે. તેટલું જ નહિ પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુનામાં ઘણા વખતથી કુસંપ હતો તે આચાર્ય મહારાજના પધારવાથી—પ્રતાપથી પ્રયત્ન—ઉપદેશથી મટી ગયો. અને શ્રી મહાવીર જયંતીને દિવસે જ શ્રી સંઘની નોકારશી જે ઘણા વર્ષોથી બંધ થઈ હતી તે સંપ થવાથી નોકારશીમાં સર્વે ભાઇઓએ સાથે બેસી આનંદપૂર્વક જમ્યા હતા. અને તે ખુશાલી નિમિત્તે વિશેષમાં તે શહેરમાં જયંતીના દિવસે જ ( ગુરૂ દેવના નામની ) શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરીની સ્થાપના થઇ હતી. આચાર્ય મહારાજને ચોમાસાની વિનંતી પણ થઇ રહી છે. ( મળેલું ).

## ગુરૂકુળમાં ઉદ્યોગશાળા.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણામાં આ માશની શુદ ૨ બુધવારના રોજ ઔદ્યોગિક શાળા ખુલી મુકવામાં આવેલ છે. હાલમાં શિવણ કલાસથી શરૂઆત કરી છે, અને ગુંથણ કામ, ડ્રોઈંગ પેઇન્ટીંગ, ટાઇપીંગ તથા હાથવણાટના વર્ગો હવે પછી અનુક્રમે ખોલવામાં આવશે.

**ઉમરાવપદનું માન.**—આ સભાના માનવંતા લાઇફ મેમ્બર શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાને કોટા નરેશ તરફથી તા. ૨૧-૪-૧૯૩૦ ના રોજ ઉમરાવપદ તથા સોનાનો તોડો બક્ષીશ મળ્યા છે. રાજપુતાના રાજ્યોમાં આવું માન કોઇકનેજ મળે છે. અમો આ માન માટે અમારો હર્ષ જાહેર કરવા સાથે શેઠશ્રીને મુબારકબાદી આપીએ છીએ.

## પ્રકીર્ણ.

**શેઠ શ્રી આણંદજી કલ્યાણજીના વહીવટદાર પ્રતિનિધિઓએ ભરેલું શુભ પગલું**—શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પાલીતાણાની પેઢીની નીચે શ્રી છાપરીયાળી પાંજરાપોળનો વહીવટ શ્રી આણંદજી કલ્યાણજીની કમીટી કરે છે. તે પાંજરાપોળમાં હમેશાં પડતા ખાડાથી તેની વિચારણા માટે શેઠ આણંદજી કલ્યાણજીની જનરલ કમીટી મળતાં અત્યારસુધીમાં સુમારે અઢી લાખનો ખાડો પડેલો જણાતાં, તે માટે પાંચ પ્રતિનિધિઓની તપાસ કમીટી વકીલ છોટાલાલ ત્રીકમદાસ, શાહ મહાસુખભાઇ ચુનીલાલ, શાહ નરશીદાસ નથુભાઇ, વોરા જગજીવનદાસ અમરચંદ તથા શાહ કુંવરજી આણંદજીની નીમવામાં આવી હતી અને તે માટે તા. ૨૪-૪-૧૯૩૦ ના રોજ શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે પાલીતાણામાં પ્રતિનિધિઓ અને તળાજા, મહુવા, વઢવાણ વગેરે પાંજરાપોળના વ્યવસ્થાપક પ્રતિનિધિઓની હાજરી હતી. તે મીટીંગમાં શાહ છોટાલાલ ત્રીકમદાસે તથા વોરા જગજીવનદાસ અમરચંદ તથા આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે સાથે કરેલી જાતિ તપાસના રીપોર્ટ રજુ થતાં વોરા જગજીવનદાસ અમરચંદને છાપરીયાળી પાંજરાપોળના વહીવટને અંગે દરેક વ્યવસ્થા કરવાને સંપૂર્ણ સત્તા. અને ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને ધન્યવાદ આપતાં વોરા જગજીવનદાસને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે આ માટે સહાય કરવા પ્રોસીડીંગમાં નોંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવામાં આવેલ છે અને તે બંનેને લેખિત નોંધ કમીટી તરફથી મોકલવાનો ઠરાવ કરવામાં આવેલ છે. આ રીતે શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીના પ્રમુખશ્રી શેઠ કસ્તુરભાઇ અને વહીવટદાર પ્રતિનિધિ મંડળે આગળ ભરેલાં આ પગલાં માટે મુબારકબાદી આપતાં ઉપરોક્ત પાંજરાપોળના વહીવટને તરતો કરવામાં નીમાયેલ કમીટી સફળતા મેળવે એમ ઇચ્છીએ છીએ.

## સ્વીકાર-સમાલોચના.

૧ ચૌદ નિયમ ધારવાની સમજ-પ્રકાશક શ્રી દેશવિરતિ આરાધક સમાજ અમદાવાદ દેશવિરતિ ધર્મનું આરાધન કરવાના જિજ્ઞાસુ માટે આ ચૌદ નિયમ ધારવા તે પ્રથમ સોપાન છે. જૈન નામ ધારણ કરનારે છેવટ આ નિયમો તો અવશ્ય ધારવા જેવા છે. બુકમાં તેની સમજ સારી રીતે આપવામાં આવેલ છે. કિંમત અમૂલ્ય—

૨ એક સ્વપ્ન-લેખક શ્રીયુત જસવંતરાય જૈની. દીલ્હી. કિંમત બે પૈસા. હિંદિ ભાષામાં પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના સમુદાયના ભૂતકાલીન પ્રસંગો ( પોતાને આવેલ સ્વપ્નમાંહેનો ) આ બુકમાં આપવામાં આવેલ છે.

૩ નવયુગનો નારીધર્મ-લેખક અને પ્રકાશક પંડિત માવજી દામજી શાહ. ધાર્મિક શિક્ષક ધી બાબુ પી. પી. જૈન હાઇસ્કુલ-મુંબઇ. કિંમત ત્રણ આના. નવયુગની સ્ત્રીઓ પોતાની મહત્તા ખરા સ્વરૂપમાં જાણી શકે તેવા ઉદ્દેશથી આ લઘુ ગ્રંથ લેખક મહાશયે રચ્યો છે. જુદા જુદા નવ પ્રકરણોમાં સાદી ભાષામાં સરલરીતે લખેલો આ લઘુ ગ્રંથ બ્હેનો માટે ઉપયોગી છે. આવાઆવા લઘુ ગ્રંથો લખવાનો અને પ્રગટ કરવાનો બંધુ માવજીભાઇનો આ પ્રયત્ન આવકારદાયક છે.

૪ કર્મગ્રંથ-ભાગ ૧ લો-( કર્મવિપાક-કર્મ સત્વ અને બંધ સ્વામિત્વ ) વિવેચન સહિત-વિવેચક પંડિત ભગવાનદાસ હરખચંદ. પ્રકાશક—શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથમાળાના તંત્રી. આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરિજીની પ્રેરણાથી પંડિતજી ભગવાનદાસે આ બુકમાં પ્રથમના ત્રણ કર્મ ગ્રંથનું વિવેચન કર્મ વિષયના અનેક ગ્રંથોના આધાર લઇ મૂળ પ્રાકૃત ગાથા, સંસ્કૃત છાયા, શબ્દાર્થ અને વિવેચન એ ક્રમ પૂર્વક આ ગ્રંથ તૈયાર કરેલ છે. મૂળના કર્ત્તા શ્રીમાન્ દેવેન્દ્રસૂરિજી મહારાજ છે. પ્રસ્તાવનામાં જ કર્મવાદનું સ્વરૂપ અને વિષય પ્રવેશ ઉપર મનન કરવા લાયક વિવેચન કરી ત્રણે કર્મ ગ્રંથોની ગાથાઓનું ટુંક વિવેચન આપી ગ્રંથની શરૂઆત કરી છે. અભ્યાસીઓ માટે સાદું સરલ, અને ઉપયોગી વિવેચન લેખક બંધુએ કર્યું છે. તેટલું જ નહિં પરંતુ કર્મ સ્વરૂપ જાણવાના જિજ્ઞાસુ માટે પણ ઉપયોગી બન્યું છે. ધાર્મિક શાળાઓમાં ચલાવવા જેવો આ ગ્રંથ તૈયાર થયો છે એમ પણ કહી શકાય. બાકીના ત્રણ કર્મ ગ્રંથો આ રીતે સત્વર પ્રકટ થાય તેમ અમો ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પં નાભિનન્દન જિર્ણોદ્ધાર પ્રબંધઃ—શ્રી કક્કસુરિ વિરચિત મૂળ ગુજરાતી અનુવાદ સહિત સંપાદક પંડિત ભગવાનદાસ હરખચંદ પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન ગ્રંથમાળા અમદાવાદ–કોચરબરોડ શ્રીમાન આચાર્ય શ્રી વિજયનીતિસુરિજી મહારાજની પ્રેરણાથી આ શ્રી પવિત્ર તીર્થ શ્રીશત્રુંજય તીર્થના ચૌદમા સૈકામાં ( સમરાશાહ ઓસવાળ ) સમરસિંહે કરેલ ઉદ્ધારનું આ બુકમાં મૂળ અને ભાષાંતર બંને સાથેનું મુખ્યપણે વર્ણન આવેલું છે સાથે બીજા ઉદ્ધારોનું સંક્ષિપ્તમાં સુચન કરેલું છે. આ ગ્રંથને એક ઐતિહાસિક ગ્રંથ કહી શકાય. કારણ કે ચૌદમાં સૈકામાં ભારત વર્ષમાં જૈન ધર્મની કેવી જાહોજલાલી હતી, કેવા કેવા મહાન્ વિદ્વાન આચાર્યો મહારાજો બિરાજમાન હતા, દેશના વ્યાપાર, લક્ષ્મી, ઉદ્યોગ વગેરેની કેવી ઉચ્ચ દશા હતી અને સમરાશાહે કેવી સ્થિતિ અને સંયોગમાં, કેવી ઉચ્ચ ભકિત ભાવનાથી ઉદ્ધાર કર્યો તે બ્યાન આ ગ્રંથમાંથી વાંચતાં તીર્થ પ્રત્યે દઢ શ્રદ્ધા–ભાવના અને તેવા પુણ્યશાળી પુરૂષોના જીવન વૃતાંત વાંચતાં અને તેમની તીર્થધર્મ દેવ ગુરૂ પ્રત્યેની શ્રદ્ધા–ભાવના વાંચતાં દરેક ભવિ આત્માને આલ્હાદ ઉત્પન્ન થાય છે. છેલ્લા ઉદ્ધારના ઇતિહાસનું વર્ણન અમારા તરફથી પ્રગટ થયેલ છે તેમાં આ ઉદ્ધારનું વર્ણન પ્રકટ થતાં એક જૈન ઐતિહાસિક સાહિત્ય અને પવિત્ર તીર્થ પ્રત્યે ઉચ્ચ ભાવના પ્રગટ થવાનું અમૂલ્ય સાધનમાં એક વિશેષ વધારો થયો છે.

**પવિત્ર તીર્થ શ્રી શત્રુંજય તીર્થ ઉપર આ ચોવોશીમાં થયેલા ઉદ્ધારોના વર્ણનનું એક ખાસ પુસ્તક તૈયાર કરવાનો અમારો શુભ ઇરાદો છે. આર્થિક સહાય મળેથી તેવો ઐતિહાસિક ગ્રંથ પ્રકટ થશે.**

આ ગ્રંથ મનન પૂર્વક વાંચવા જેવો છે આવા ગ્રંથોમાં સહાય આપનાર જ્ઞાનનો ઉદ્ધાર કરે છે તેમ તેની પ્રેરણા કરનાર આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસુરિજી મહારાજ પણ જૈન સમાજ ઉપર ઉપકાર કરે છે એમ અમો માનીયે છીયે, વિવેચન પઠન પાઠન કરવા જેવું છે.

**જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ મુંબઇ**—ત્રીજા વર્ષનો રીપોર્ટ કેળવણીના ઉત્તેજનાર્થે જૈન વિદ્યાર્થીઓના લોન સીસ્ટમથી મદદ આપનારૂં આ ખાતું સારૂં કાર્ય કરે છે. કેળવણીના હિમાયતી અને પ્રેમી કે જેણે હજારો રૂપૈયા કેળવણી અર્થે દાન કર્યા છે તે શેઠ સારાભાઇ મગનભાઇ મોદી બી એના સુપ્રયત્નના ફળરૂપે આ યોજના થયેલી છે. કોઇ પણ કોમ માટે આવા ખાતાની જરૂરીયાત છે. હિસાબ, સરવૈયું, વહિવટ વગેરે વ્યવસ્થા પૂર્વક અને ચોખવટવાળા છે. અમે તેની પ્રગતિ ઇચ્છીયે છીયે.

**શ્રી નવપદ મહાત્મ્ય વાર્ષિક રીપોર્ટ**—સં. ૧૯૮૫ પ્રકાશક શ્રી નવપદ આરાધક સમાજ—મુંબઇ. આ સમાજ તરફથી શ્રી નવ દજી મહારાજનું આરાધન જુદા જુદા સ્થળે દરવર્ષે ભક્તિ પૂર્વક કરવા–કરાવવામાં આવે છે. દરેક ભવ્યાત્માઓ લાભ લે છે, તેનો આ ગઇ સાલનો રીપોર્ટ છે. રીપોર્ટમાં નવપદજી મહિમાનો ટુંક નિબંધ આપવા સાથે સમાજનો એહવાલ, ઉદેશ, ફંડ સંબંધી હકીકત અને છેવટે સરવૈયું આપવામાં આવેલ છે. રીપોર્ટ વાંચતાં વહીવટ વ્યવસ્થિત જણાય છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે આપેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે, કે જે પ્રતિભાશાળી હોઇ વાંચકના આત્માને શાંતરસ ઉત્પન્ન કરાવી, પુણ્યપ્રભાવી બનાવી, મોક્ષમાર્ગ સન્મુખ લઇ જનાર છે. એકંદર રીતે આ ઉચ્ચ શૈલીનું પરમાત્માનું ચરિત્ર પઠન પાઠન કરવા જેવું હોઇ દરેક જિજ્ઞાસુઓ પાસે હોવું જોઇએ. ક્રાઉન સોળ પેજી ચારશેંહ પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, સુંદર બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. [કિંમત રૂા. ૧–૧૨–૦]

---

## જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

દેશમાં, દેશ સેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી; પ્રસંગાનુસાર તેવી ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** સચિત્ર ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

ત્રણશેં પાનાનો સચિત્ર ગ્રંથ જેની કિં. બે રૂપીયા પોષ્ટેજ જુદું.
છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરેલ છે. ઉંચા ત્રકાગળ પર સુંદર ટાઇપમાં

---

## પર્યુષણ પર્વમાં થતાં મહાવીર જન્મ મહોત્સવ માટે એક સગવડ.

અમારા સાંભળવામાં આવ્યું છે કે કેટલાક ગામમાં ઘોડીઆ પારણા નહીં હોવાથી પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ મહોત્સવ થતો નથી, તેથી તેનો પ્રચાર કરવા માટે આ સભાના એક આગેવાન સભાસદ તરફથી રૂપાના ઘોડીઆ પારણા શેઠ ગિરધરલાલ આણંદજી તથા શા દામોદરદાસ ગોવીંદજીની દેખરેખ નીચે તૈયાર કરાવી જે ગામના સંઘને જરૂર હશે તેને અમુક સરતે સગવડ કરી આપવામાં આવશે. માટે રૂબરૂ મળી ખુલાશો કરી જવો અને જરૂર જણાયતો પત્રવ્યવહાર આ સભાના સીરનામે કરવો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ શરીર પ્રભુનું મંદિર છે.

આપણાં શરીરો એ પ્રભુનાં મંદિરો છે, અને જે મનુષ્યનું મન વિષયી છે તે મૃત્યુ પામેલો છે, અને જેનું મન આત્મા તરફ વળેલું છે, તે જ મનુષ્ય આ પૃથ્વીપર જીવતો છે. મનુષ્ય જ્યારે આધ્યાત્મિ જીવન ગાળવા માગે છે, ત્યારે તેનું મન ઉચ્ચ વિષયો ભણી પ્રેરાય છે, ત્યારે તેના ઉચ્ચ અને હલકા સ્વભાવ વચ્ચે યુદ્ધ થાય છે. તે મનુષ્યે ત્યારે ઉચ્ચ નિયમો સમજવાને અને તે પ્રમાણે ચાલવાને કટિબદ્ધ થવું જોઇએ. તેમાંનો એક નિયમ શારીરિક પવિત્રતા–Purity છે. અત્યાર સુધી તેણે પોતાનામાં રહેલી ઉત્પાદક અને પ્રાણદાયક શક્તિઓનો ઉપયોગ સ્થૂલ તથા લાગણીના વિષયમાં કર્યો હતો, હવે તેણે તે શક્તિ ઉચ્ચ બાબતમાં જ વાપરવી જોઇએ. હવે આ શક્તિના બે ઉપયોગ છે: એક ઉપયોગ પોતાના જીવનને વિશેષ પ્રબળ બનાવવાનો છે. પોતાના જીવનને વિશેષ પ્રબળ, સશક્ત અને સ્ફુર્તિમય બનાવવાનું કામ પોતાની આ ઉત્પાદક શક્તિમાં રહેલું છે, તેનો ઘણાથોડાકને ખ્યાલ હશે, અને તેથી તે શક્તિનો મોટો વ્યય બીજે જ માર્ગે થાય છે અને તેનું પરિણામ એ આવે છે કે મનુષ્ય શક્તિહીન બને છે, તેની તંદુરસ્તી નિર્બળ બને છે, અને રોગ કે મરણ પ્રવેશ કરે છે. મનુષ્યના લોહીમાં રહેલા સારામાં સારા પરમાણુઓ તે ઉત્પાદક શક્તિમાં ખર્ચાઇ જાય છે, માટે વીષયી હોવું તે મરણ છે, અને આત્મીક બનવું તે જ જીવન છે.

જો મનુષ્ય પોતાના વિચારો અને નિશ્ચયોને અમલમાં ન મુકી શકે તો પછી સંકલ્પ બળ અને માનસિક શકિતના નિયમો જાણવાથી લાભ શો ? તેનું શરીર તેના આત્મા ઉપર રાજ્ય ચલાવે છે, અને તે પોતાની ઉત્પાદક શકિત હલકા અને વિષયી હેતુઓ માટે ખર્ચી નાખે છે. તે હજુ આત્મ સંયમનો પ્રારંભનો પાઠ પણ શીખ્યો નથી. તો પછી તે બીજાપર સંયમ કેવી રીતે મેળવી શકે, અથવા બીજાઓને કેવી રીતે દોરી શકે ? જો મનુષ્ય પોતાનો સ્વામી થવા માગતો હોય તો પ્રથમ તો તેણે પોતાના શરીરપર કાબુ મેળવવો અને પોતાની અંદર રમેલી ઉત્પાદકશકિતને સંયમિત કરતાં શીખવું જોઇએ. આત્માની શોધ કરનારા મોટા મોટા મનુષ્યો પણ આ બાબતમાં ભૂલ કરી બેસે છે. જ્યાં સુધી શરીરની હલકી ખાસીઅતો, અને વૃત્તિઓ ઉપર મનુષ્ય કાબુ ન મેળવી શકે, ત્યાં સુધી આત્માની અને બુદ્ધિની ઉચી ફલંગો મારવાનું બળ તેનામાં કયાંથી સંભવે ?

પ્રભુનું રાજ્ય આપણામાં છે, પણ જે પ્રમાણમાં આપણે આપણા આ સ્થૂલ શરીર કે વાસનાઓને વશ થઇએ, તે પ્રમાણમાં તે રાજ્ય આપણાથી દૂર ભાગતું જણાય છે. પણ મનુષ્યને જો પોતાની દિવ્યતાનું ભાન થાય, અને પોતે પોતાના ઉચ્ચ સ્વભાવ સાથે ઐક્ય સ્વીકારી તે પ્રમાણેનું જીવન ગાળવા લાગે ત્યારે હલકી વૃત્તિઓ પોતાની મેળે બળ નહિ મળવાથી શાંત થઇ મરવા પડે છે, અને મનુષ્ય પછી નિર્ભય રીતે પ્રભુના માર્ગે ચાલવા માંડે છે.

"વિશ્વ પ્રકાશ"

For Private And Personal Use Only